વિશ્વમાં માનવજીવનના અનેકવિધ પ્રકારોમાં

# સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર

-: લેખિકા :-

અ.સૌ.શ્રીબ્રજલતાવહુજી (વડોદરા)

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

## ‘સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર’ પુસ્તિકાની તૃતીય આવૃત્તિ–પ્રકાશન અવસરે બે શબ્દ

શ્રીગોવર્ધનધરણ, શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણના અનુગ્રહથી **‘સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર’** પુસ્તિકાનું ઘણાં લાંબા કાળ પછીથી તૃતીય આવૃત્તિરૂપે પ્રકાશન થવા જઈ રહ્યું છે તે ખૂબ જ આનન્દની વાત છે. આ પહેલાં સર્વ પ્રથમ ઈ.સ.૧૯૯૫માં આની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું હતું તથા ત્યાર પછી ઈ.સ.૨૦૦૪માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન થયું હતું અને હવે આ ઈ.સ.૨૦૧૦માં તૃતીય આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે.

આ તૃતીય આવૃત્તિના પ્રકાશનમાં મૂ.રે. કલકત્તાના **શ્રીમંજુલાબહેન સંઘવી** તેઓ વડોદરામાં અમારા નિવાસસ્થાને આવ્યા ત્યારે એમણે આ પુસ્તિકાને માટે ઉદારતાપૂર્વક દ્રવ્ય સહયોગ કરવાની ઈચ્છા કરી અને તેથી આજે આ તૃતીય આવૃત્તિનું પ્રકાશન થવા જઈ રહ્યું છે.

વૈષ્ણવોમાં અને વૈષ્ણવેતર લોકોમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોનો વધુને વધુ પ્રચાર થાય અને તે દ્વારા પોતપોતાના અધિકાર અનુસાર સહુ લાભાન્વિત થાય અને શ્રેયને પામે તેવી ઈચ્છા હૃદયમાં રાખી દ્રવ્ય સહયોગ દ્વારા શ્રીમંજુલાબહેન સંઘવીએ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તો તથા તેના સાહિત્ય પ્રતિ જે પોતાની ઉત્તમ ભાવના અને આદર દાખવ્યા છે તે અભિનંદનને પાત્ર છે. એમની આ ઉત્તમ ભાવના, શ્રદ્ધા, આદર છે તેમાં સદૈવ અભિવૃદ્ધિ થતી રહે તથા તેમના સહુ પરિવારજનોની શ્રીમહાપ્રભુના શ્રીચરણોમાં સદૈવ નિષ્ઠા બની રહે એ જ શુભાભ્યર્થના.

વિ.સં.૨૦૬૬
અષાઢ વદ-૧, મંગળવાર
તા. ૨૭-૭-૨૦૧૦
વડોદરા.

**ગોસ્વામી ચન્દ્રગોપાલ**
**(વડોદરા)**

॥ श्रीकृष्णाय नमः ॥

## વિશ્વમાં માનવજીવનના અનેકવિધ પ્રકારોમાં

# સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર

### લેખિકા : અ.સૌ. શ્રી વ્રજલતાવહુજી - વડોદરા

અનન્તકોટિબ્રહ્માંડ જેનું સ્વરૂપ છે એવા વિશાલકાય વિશ્વના એના જન્મકાળથી આજદિન પર્યન્તના લાંબા ઈતિહાસમાં અગણિત માનવોનાં જીવન અસ્તિત્વમાં આવી ચૂકયાં,આજે પણ અબજોની સંખ્યામાં અસ્તિત્વમાં છે અને આગળ પણ દીર્ઘકાળ પર્યન્તમાં અસ્તિત્વમાં આવતા રહેશે. પ્રકૃતિની વિલક્ષણતા કે વિવિધતાને કારણે દરેકની જીવન જીવવાની પદ્ધતિ, દરેકના પોતાના અનુભવો, દરેકની વિચારશૈલી, દરેકની ભાવનાઓ, ક્રિયાઓ વગેરેમાં વૈવિધ્ય જોઈ શકાય છે, આ બધું દરેકમાં વત્તા-ઓછા અંશે એક બીજાથી વિલક્ષણ રૂપનું જોવા મળે છે. આમ અનેક માનવોને લઈ જીવનના પણ તેટલા જ અનેક પ્રકારો છે. તેમ છતાં પણ તે બધાનું સ્થૂલ રૂપમાં વર્ગીકરણ કરવામાં આવે તો તેને ચાર પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય છે. (૧) આસુરીજીવન (૨) માનવીય જીવન (૩) દૈવી જીવન (૪) ભગવદીય જીવન.

આ ચાર પ્રકારની જીવનપદ્ધતિ અથવા જીવનના આ ચાર પ્રકારોને ભગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે (સોળમા અધ્યાયમાં) બે ભાગમાં દૈવી અને આસુરી એમ બે નામથી વિભક્ત કરી તેનાં જ વિસ્તૃતીકરણરૂપે બીજા અધ્યાયથી લઈ અઢારમાના અન્ત પર્યન્તમાં કુલ છ વિભાગથી દર્શાવ્યા છે તે આ પ્રકારે છેઃ (૧) અકર્મણ્યતાને વરેલો જીવન પ્રકાર (૨) ભોગેષણા અને

સ્વાર્થ પ્રયુક્ત (સકામ) સ્વચ્છન્દ જીવન પ્રકાર (૩) ભોગેષણા અને સ્વાર્થ પ્રયુક્ત વૈદિક વિધિ-નિષેધના નિયંત્રણમાં રહી સકામ કર્મ પ્રવૃત્ત જીવન પ્રકાર (૪) ભોગેષણા અને સ્વાર્થવૃત્તિથી રહિત રહી મનની નિષ્કામ સ્થિતિથી કર્મમાં પ્રવૃત્ત પ્રકાર (૫) જીવનના બધા વિષયોમાં બધી બાબતોને ભગવદર્થ પ્રયોજિત કરી ભગવદર્પણપૂર્વક જીવન જીવવાનો પ્રકાર અને (૬) પોતાની જાતને કે જગતના સર્વ વિષયોને વિસ્મરી ચિત્તમાં માત્ર પરબ્રહ્મનીજ અવધારણા કરીને અતિશય સ્નેહપૂર્વક ભગવાન માટે જ પોતાની સર્વ ઈન્દ્રિય અન્તઃકરણ સહિત પોતાના દેહ વડે સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્તિનો પ્રકાર.

## (૧) અકર્મણ્યતાને સ્વીકારી જીવન જીવવાનો પ્રયત્ન કરનારા લોકોનો પ્રકાર :

આ પ્રકાર અત્યન્ત તામસ્ છે. આ પ્રકાર અપનાવેલા લોકો માટે ગીતામાં **'વિમૂઢાત્મા'** વિશેષ પ્રકારે મૂઢ બનેલા અન્તઃકરણ -વાળા એમ જણાવ્યું છે. આ લોકો પાંચ કર્મેન્દ્રિયોનો સંયમ કરીને અમે કર્મ રહિત છીએ તેવું માનતા હોય છે પરન્તુ તેવો તેમનો સંયમ માત્ર બાહ્યકર્મો પૂરતો જ સીમિત હોય છે ; અન્તઃકર્મને તેઓ અવરોધી શકતા નથી. આવી અકર્મણ્ય દશામાં નિદ્રાનું આધિક્ય, આલસ્ય, પ્રમાદ, દુર્વિચારોનું- દુર્ભાવનાઓનું આધિક્ય, જીવનનો વિઘાત વગેરે અનેક દોષો પ્રવેશતા હોય છે અને તેનાં પરિણામે વ્યક્તિનો વિનાશ જ સિદ્ધ થાય છે. અને તેના પૂર્વની સ્થિતિમાં દુઃખ-કલેશની જ ઉપલબ્ધિ થાય છે તેથી અધિક કંઈ પણ પ્રાપ્ત થતું નથી અને તેથી જ આવાં આચરણને ગીતામાં મિથ્યાચાર કહેવામાં આવ્યું છે. મનુષ્યમાં રહેલી ક્રિયાશક્તિ એ કોઈને કોઈ રીતે પણ મનુષ્યને કર્મ કરવા પ્રેરશે જ અને તેથી મનુષ્ય કર્મ કરવા બાધ્ય છે. આવી સ્થિતિમાં અકર્મણ્યતાનો વિચાર પણ જીવનની ઘણી મોટી ભૂલ છે તો પછી તેનો સ્વીકાર કરવો એ માત્ર બાહ્ય આંડબરથી અધિક શું હોઈ શકે છે ? હું અકર્મણ્ય થઈ ગયો આ વિચાર કે

આવી માન્યતા એ માત્ર આત્મવંચના જ છે તેથી ગીતાકાર કોઈપણ કાળમાં, કોઈ પણ સ્થિતિમાં કે કોઈ પણ સ્થળે અકર્મણ્યતાને અસ્વીકારી તેનો માનવજીવન માટે સર્વથા નિષેધ કરે છે.

## (૨) ભોગેષણા અને સ્વાર્થ પ્રયુક્ત (સકામ) સ્વચ્છન્દ જીવન જીવનારા લોકોનો પ્રકાર :

આ પ્રકારના લોકોમાં મનની ઈચ્છાઓનું અત્યધિક પ્રાબલ્ય હોય છે અને તે ઈચ્છાઓ ઈન્દ્રિયો વડે પોતપોતાના વિષયોના ભોગ માટેની હોય છે. આ ભોગેષણા પણ કોઈ પણ પ્રકારના નિયંત્રણ-વિનાની અને મનના તીવ્ર આવેગવાળી હોય છે જેમાં વ્યક્તિની બુદ્ધિ સારું- નરસું યા યોગ્ય-અયોગ્યને નહીં વિચારી માત્ર સ્વાર્થ પરાયણ બનીને જ સર્વ પ્રેરણાને આપનારી બની જાય છે. આ લોકો ભોગેષણાથી પ્રચુર એવા મનના એટલા ગુલામ-દાસ બની જાય છે કે મનમાં જે આવ્યું તે અનુસાર વર્તવા તેઓ બાધ્ય બની જાય છે અને જો તે મુજબ -મનની ઈચ્છા અનુસારનું ન ઘટે તો તેનો તેમનાં તન-મન પર ઘેરો પ્રત્યાઘાત પડતો હોય છે. અત્યધિક ઈચ્છાઓના વારંવારના સતત આઘાતથી અત્યન્ત નબળા પડી ગયેલા તેમના મનમાં પછી ક્રોધ, વૈર, ઈર્ષા, અભિમાન, લોભ, માંગવાની વૃત્તિ વગેરે દોષો ઉત્પન્ન થઈ તેમનાં મન-બુદ્ધિને એટલા આક્રાન્તિત કરી દે છે કે પરિણામે ઘેરા શોક અને મોહમાં આવી પડી અન્તમાં આત્મઘાતના માર્ગે તેઓ જીવનને આગળ ધપાવે છે. પ્રવૃત્તિશીલ પ્રકૃતિની સાથે માનવના દેહ અને જીવનની સંવાદિતા બનાવી રાખવા માટે સૃષ્ટિના રચયિતા-નિયન્તા પરમેશ્વરે માનવ શરીરમાં ઈન્દ્રિયોને યથાસ્થાન યોગ્ય રીતે સ્થાપેલી છે. આ ઈન્દ્રિયો વડે મનુષ્યની બાહ્યસૃષ્ટિમાં ગતિ-પ્રવૃત્તિ થઈ શકે છે. આ ઈન્દ્રિયો પણ જરૂરી અને યોગ્ય ગતિથી દોડે અને ઉપયુક્ત પ્રવૃત્તિ કરે તે જ હિતાવહ છે અને તેને પ્રવૃત્તિઓમાં ગતિ કરાવનારું પ્રેરકબળ પૂરું પાડતા પરમેશ્વરે શરીરમાં મનને પણ યથા સ્થાન

ગોઠવ્યું છે. આ મન વડે જોવા, સાંભળવા, બોલવા, ચાલવા, કરવા, સ્પર્શવા વગેરેની કામનાઓ વડે પ્રેરાઈ ઈન્દ્રિયો તદનુકૂલ પ્રવૃત્તિઓમાં પ્રેરાય છે. હવે જો મન પોતે કામના તીવ્ર આવેગવાળું બની જાય તો તે કામનાઓનો તીવ્ર આવેગ ઈન્દ્રિયોની ગતિ ને જરૂરી અને યોગ્યની સીમાથી ઘણી વધુ પડતી તીવ્ર બનાવી જીવનમાં એવી વિચિત્ર વિસંવાદિતા સર્જી દે છે કે જેનાથી બે વિરોધી ઈચ્છાઓ જીવનમાં અગત્યનું સ્થાન મેળવી બન્નેની પૂર્તિ વિના ચાલે નહીં તેવી વિચિત્રદશા માનવજીવનની સર્જી દે છે. જેમ મોટરમાં કારની ગતિ માટે પેટ્રોલ હોય છે અને તેની યોગ્ય-ઐચ્છિક ગતિ અર્થે એકિસલેટર ડ્રાયવરના પગનાં સ્થાને હોય છે. મોટર ચલાવનાર જરૂરિયાતના આધારે પોતાની ઈચ્છા મુજબ એકિસલેટર પર ભાર મૂકી (પગ દબાવી) મોટરને આગળ વધારવા ગતિશીલ કરે છે, હવે જો મોટર ચલાવનાર ક્રોધ વગેરેના આવેગવાળો થઈ બેકાબૂ બુદ્ધિની દશામાં રોષપૂર્વક જોરથી એકિસલેટર પર પગ દબાવી કાર ચલાવે અને ચલાવનારની આંખની દષ્ટિની તેમજ હાથની ડ્રાઈવ કરવાની શક્તિની મર્યાદાથી ઘણી વધુ પડતી ગતિ કારની વધી જાય તો એકિસડેન્ટ અને મૃત્યુથી ઈતર બીજું શું પરિણામ આવી શકે છે ? આ રીતે આ (બીજા પ્રકારના) લોકો અવિચારી બુદ્ધિ સહિત બેકાબૂ મન અને સ્વચ્છન્દ ઈન્દ્રિયોવાળા થઈ પોતાના જીવનરથને આગળ તો વધારે છે પણ તેમનું આગળ વધવું યા ગતિ યા તેમનું કર્મ તેમનાં જ જીવનના સર્વનાશનું કારણ બની જાય છે. અતઃ આ પ્રકારની સકામભાવે સ્વચ્છન્દતાપૂર્વક ભોગેષણાથી કર્મમાં પ્રવૃત્ત થવાની પદ્ધતિ ગીતાકાર પ્રભુશ્રીકૃષ્ણને સર્વથા અભીષ્ટ નથી અને તેથી ગીતામાં આ પ્રકારનો સ્પષ્ટતયા નિષેધ કરવામાં આવ્યો છે.

## (૩) ભોગેષણા અને સ્વાર્થ પ્રયુક્ત વૈદિક વિધિ– નિષેધના નિયંત્રણમાં રહી સકામ પ્રવૃત્ત જીવન પ્રકાર.

વિધિ એટલે વેદમાં 'તમે આ કરો' એમ જેનું વિધાન થયેલું હોય તેવાં કર્મો (જેમ કે સ્વર્ગની કામના-પુત્રની કામના વગેરે કામનાવાળાઓએ સ્વર્ગકામેષ્ટિ -પુત્રકામેષ્ટિ કર્મો કરવાં. આઠ વર્ષના બ્રાહ્મણબાલકને ઉપવીત કરવા, ૨૫ વર્ષે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવું, એક આશ્રમથી બીજા આશ્રમમાં પ્રવેશવું, વગેરે વિધાનો વિધિ કહેવાય છે.) અને નિષેધ એટલે 'તમે આ કરો નહીં' એમ જે માટે ના કહેવામાં આવી હોય તેવાં કર્મો (જેમકે અસત્ય બોલવું નહીં, અપ્રિય બોલવું નહીં, પ્રજા તન્તુનું છેદન કરવું નહીં, એક સૂર્યમાં બે વાર જમવું નહીં, વિધાન કરાયેલા દિવસો વિના પત્ની સાથે સંભોગ કરવો નહીં, પ્રાતઃકાલ વેલામાં અશન કરવું નહીં, વગેરે જેને નહીં કરવા જણાવાયું હોય તેને નિષેધ કહેવાય છે.)

આ વિધિ-નિષેધનાં નિયન્ત્રણમાં રહી ઈચ્છાઓવાળું મન અને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ સત્કર્મના માર્ગ પર ચાલતા હોય તે પ્રકાર પૂર્વમાં જણાવાયેલ અમર્યાદ પ્રકાર કરતાં ઉત્તમ છે. મનમાં અનેક પ્રકારની કામનાઓ ઉત્પન્ન થાય અને ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાં માઝા મૂકી દોડવાનો પ્રયત્ન કરે પણ ધર્મબુદ્ધિવાળો વ્યક્તિ ધર્મની મર્યાદામાં રહી બુદ્ધિવડે યોગ્ય-અયોગ્યનો વિચાર કરી અધર્મ યુક્ત વાતોનો ત્યાગ કરી ધર્મસમ્મત બાબતોમાં પ્રવૃત્ત થાય તો રજોગુણની આંધીમાં આંધળા બની તેનો સર્વનાશ થતો નથી. બલ્કે પાપરહિત-પુણ્યયુક્ત જીવન જીવી કાલાન્તરમાં શ્રેયપ્રાપ્તિના માર્ગમાં પ્રવેશ પામવાની તેમાં શકયતા રહે છે (જ્યારે પૂર્વોક્ત પ્રકારમાં તો શ્રેયપ્રાપ્તિની કલ્પના પણ કરી શકાય તેમ નથી.) કોઈને ધનની, કોઈને સ્ત્રી સુખની, કોઈને પુત્રની, કોઈને ઉત્તમલોકનાં સુખ મેળવવાની, કોઈને વિદ્યાપ્રાપ્તિની, કોઈને પ્રતિષ્ઠાની વગેરે-વગેરે કામનાઓ હોય, પરંતુ અનીતિ, અત્યાચાર કે બીજાને કષ્ટ આપીને કે પછી બીજાનું હડપી જઈને અધર્મપૂર્વક તે કામનાઓની પૂર્તિ કરવાનો પ્રયત્ન ન કરવો પણ શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબનાં પુણ્ય કર્મો વડે દેવયજનપૂર્વક અને દેવોની કૃપાથી સંપાદિત થયેલ સુખનો ભોગ કરવો અને

નીતિ ન્યાય-ધર્મની વિરુદ્ધ એવી ઈચ્છાઓને આ અયોગ્ય છે એમ વિચારી ત્યાગવી. જેથી આવી ઈચ્છાઓનો જ જ્યાં ત્યાગ છે ત્યાં તેવા કર્મમાં પ્રવૃત્ત થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

## (૪) ભોગેષણા અને સ્વાર્થ વૃત્તિથી રહિત રહી મનની નિષ્કામ સ્થિતિવડે કર્મમાં પ્રવૃત્ત લોકોનો પ્રકાર.

પૂર્વાક્ત 'ભોગેષણા અને સ્વાર્થપ્રયુક્ત વૈદિક વિધિ-નિષેધના નિયન્ત્રણમાં રહી સકામ કર્મ પ્રવૃત્ત જીવન પ્રકાર' એ તેનાં પૂર્વ નં. ૨ માં ભોગેષણા અને સ્વાર્થ પ્રયુક્ત (સકામ) સ્વચ્છન્દ જીવન જીવનારા લોકોના પ્રકારથી ઉત્તમ છે પરંતુ તેમાં પણ કેટલાક દોષ તો છે જ. એ પ્રકારમાં ઈચ્છાઓ-કામનાઓ અને તેનાથી પ્રયુક્ત ક્રિયાઓ પર વેદનું નિયન્ત્રણ છે તેથી તેની ઉત્તમતા છે; તેમ છતાં પણ પુણ્ય કર્મપ્રવૃત્તિ, પુણ્યભોગ અને પુણ્ય ક્ષીણ થતાં પુનવરાર્તન થવું તેમજ ફરીથી પુણ્યકર્મ પ્રવૃત્તિ, પુણ્યભોગ અને પુણ્યક્ષીણ થતાં પુનરાવર્તન થવું, બસ આ ચક્કરમાં જ ફર્યા કરવું આ પ્રકારનો એમાં મોટો દોષ રહેલો છે. ઉપરાન્ત કયારેક દુર્દૈવવશ યા મનુજ સ્વભાવવશ અતિશય ભોગ થતાં ઈન્દ્રિયોના આસુરપ્રાબલ્યને કારણે સન્માર્ગથી ચ્યુત થવું પણ શક્ય છે. તેમજ એ પ્રકારમાં મોક્ષ નામના શ્રેયની તો વિમુખતા રહેલી જ છે. આમ પુણ્યભોગ અને પુનરાવર્તનના ચક્કરો મારતાં મારતાં સૃષ્ટિના આદિકાળથી અત્યાર સુધીમાં આપણા જાણે કેટલાયે-કરોડોથી અધિક જન્મ થઈ ચૂકયા છે અને આ જ લાઈન પર આગળ પણ કયાંય એનો છેડો દેખાતો નથી. અતઃ પાપકર્મમાં અધોગતિ અને પુણ્યકર્મમાં પુનરાવર્તનનો દોષ રહેલો છે તેમ વિચારી કર્મ જ ન કરવાં એવી અકર્મવૃત્તિ પણ ચિત્તમાં ઉદ્ભવવી જોઈએ નહીં. કારણ કે એ તો સર્વથી વધુ ખતરનાક અને અકલ્યાણકર છે.

ખરેખર જોવામાં આવે તો કર્મ યા ક્રિયા પોતે દોષરૂપ નથી પણ તેની સાથે જ્યારે કર્તા તરીકેનું- ભોકતા તરીકેનું અભિમાન સાથે મળે છે ત્યારે તેવા અભિમાનથી કરવામાં આવેલું કર્મ પાપ-પુણ્યને ઉત્પન્ન કરી કર્મ ભોગ અને પુનરાવર્તનને ઉત્પન્ન કરે છે. પુણ્યફલને ભોગવવાની અભિલાષા મનમાં રાખી જ્યારે યજ્ઞ-દાન-તપ વગેરે કરવામાં આવે છે ત્યારે જ તેનું કામિત ફલ ઉત્પન્ન થાય છે, પંરન્તુ ફલની આશાથી રહિત રહી મારે કરવું જોઈએ તેમ કર્તવ્ય વિચારથી જ્યારે કર્મ કરવામાં આવે છે ત્યારે કર્મના કર્તામાં કામિત પદાર્થ કંઈ પણ ન હોવાથી તેવા યજ્ઞ-દાન-તપ વગેરે કર્મ તેની ચિત્તશુદ્ધિ સમ્પાદન કરી કર્મ કરનારને મોક્ષયોગ્ય અન્તઃકરણ પ્રાપ્ત કરાવે છે. તેથી નિત્યકર્મ (સંધ્યા, જપ, હોમ વગેરે જે નિત્ય કરવાં જરૂરી છે અને જો તે ન કરવામાં આવે તો જેનો પ્રત્યવાયદોષ ઉત્પન્ન થાય છે તે) તથા નૈમિત્તિક કર્મ (શ્રાદ્ધ, ષોડશ સંસ્કાર, ગ્રહણ-સંક્રાન્તિ વગેરે પર્વ પર કરાતા સ્નાન-દાનાદિ વગેરે) સત્ ફલની અભિલાષાથી કે પછી ન કરાતાં દુષ્ફળ પ્રાપ્તિના ભયથી નહીં કરી માત્ર કર્તવ્ય બુદ્ધિથી કરવા એ મનુષ્ય માટે હિતાવહ છે. તેવી જ રીતે કર્મ એ ચિત્તશુદ્ધિનું સાધન છે તેમજ પોતાની અનિવાર્ય ક્રિયાશક્તિની વિચારપૂર્વકની સુયોજના છે તેથી કરીને કર્મ એ જીવનનું લક્ષ્ય યા જીવનનું ફલ નથી. અતઃકર્મમાં આસક્તિ પણ રાખવી નહીં. ફલની અભિલાષા ત્યાગી કર્તવ્ય બુદ્ધિએ કરાતાં કર્મો પણ આસક્તિ વિના-અનાસકતભાવે કરવાં. ઉપરાન્ત અનાસક્તભાવે કરાયેલું કર્મ જ ચિત્તશુદ્ધિ માટેનું સાધન બની શકે છે. પણ કર્મમાં આસક્તિ રાખી કર્મ કરવામાં આવે તો તે ચિત્તશુદ્ધિની જગ્યાએ બૌદ્ધિક જાડચ જ સિદ્ધ કરશે કે જે પરિણામે વિનાશકારી બને છે. કર્મમાં મનુષ્ય જેમ-જેમ આસક્ત થતો જાય છે તેમ-તેમ તે જ્ઞાનના વિષયથી વિમુખ બનતો જાય છે. અને જ્ઞાનથી વિમુખતા એ જડતાનું જ સમ્પાદન કરે છે. આવી જડતા તો મનુષ્યના ચૈતન્ય વિકાસને પણ અવરોધી નિશ્ચેતનવત્ બનાવી દે છે. કોઈ પણ પ્રકારની જડતાને ચેતનવિરોધી જ કહી શકાય છે. સાધનનો લક્ષ્ય પ્રાપ્તિમાં માત્ર ઉપયોગ કરવો જોઈએ. નહીં કે લક્ષ્યને વિસ્મરી

સાધનજડ બની જવું જોઈએ. તેથી જ ભગવાન શ્રી કૃષ્ણ વારંવાર ગીતામાં **‘मा ते सङ्गोऽस्तु’** (ગીતા, અ. ૨) **‘सङ्गं त्यक्त्वा फलं तथा’** (ગીતા. અ. ૧૮) વગેરે-વગેરે અનેક જગ્યાએ કર્મફલના ત્યાગની સાથે-સાથે કર્મમાં અસક્તિ છોડવાનું પણ જણાવે જ છે.

આ બધો વિચાર કરતાં જીવનમાં અકર્મણ્યતાને સર્વથા સ્થાન ન આપી, તેમજ ઘોડાપૂરમાં દોડતી કામનાઓના દબાવમાં મનને લાવ્યા વિના મારે કરવું જોઈએ તેવા બુદ્ધિના વિચારો વડે જીવનમાં જ્યારે, જ્યાં જે કરવું પ્રાપ્ત થાય તે કર્તવ્યમાં પરાયણ થઈને જીવનનો નિર્વાહ કરવો એ પૂર્વમાં દર્શાવાયેલા ત્રણે પ્રકારોથી શ્રેષ્ઠ અને કલ્યાણકર છે. આને જ ‘નિષ્કામ કર્મ’ નામે ગીતામાં કહેવામાં આવ્યું છે અને આ મુજબનું આચરણ કરનારને ગીતામાં ‘નિષ્કામ કર્મયોગી’ નામથી કહેવામાં આવ્યો છે.

## (૫) જીવનના સર્વ વિષયોમાં સર્વ બાબતોને ભગવદર્થ પ્રયોજિત કરી, ભગવદર્પણપૂર્વક જીવન જીવવાનો પ્રકાર.

આ પહેલાં આપણે નિષ્કામ કર્મને વિચારી ગયા. નિષ્કામ કર્મનો પ્રકાર સકામ કર્મ કરતાં શ્રેષ્ઠ છે પણ તે જ અંતિમ યા સર્વશ્રેષ્ઠ છે તેમ કહેવું બરાબર નથી. કામનાઓ મનુષ્યને અધોગતિમાં લઈ જાય છે તેથી નિષ્કામ અવસ્થા શ્રેષ્ઠ છે અને મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી તેથી સકામની અપેક્ષા નિષ્કામ કર્મનો માર્ગ ચીંધવામાં આવ્યો છે. પરન્તુ ભલે નિષ્કામ સહી તો પણ કર્મ કોઈ પણ પ્રકારનું હોય પણ આત્યન્તિક શ્રેય પ્રાપ્ત કરાવવાનું તો તેમાં બળ નથી જ. બલ્કે કર્મ કરતાં તો જ્ઞાનદશાને શાસ્ત્રોમાં શ્રેષ્ઠ ગણાવી છે. આ વાત તો ભાગવત એકાદશસ્કન્ધમાં ભગવાનનાં વાક્યથી જાણી જ શકાય છે. **‘निर्विण्णानां ज्ञानयोगो कर्मयोगस्तु कामिनाम्’** તેવી જ રીતે ભાગવત પ્રથમસ્કન્ધ નારદવાક્યથી પણ સમજી શકાય છે કે કર્મરહિત

જ્ઞાનાવસ્થા એ શ્રેષ્ઠતરા છે. **‘नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम्’** - ઈચ્છા કામના તમોગુણ-રજોગુણના મિશ્રણથી છે, ક્રિયા રજોગુણથી ઉત્પન્ન થાય છે અને જ્ઞાન સત્ત્વગુણજન્ય છે. આ રીતે પણ જ્ઞાનની શ્રેષ્ઠતા છે. અતઃ માત્ર ક્રિયારૂપ કર્મ આત્યન્તિક શ્રેયને સાધી શકતું નથી. પરન્તુ મારે કરવું જ જોઈએ એવી બુદ્ધિથી કામના અને કર્માસક્તિ વિના નિષ્કામ કર્મ કરવામાં આવે છે ત્યારે તે મોક્ષમાં પરમોપયોગી જ્ઞાનને યોગ્ય કર્તાની ચિત્તશુદ્ધિ સાધે છે જેથી નિષ્કામ કર્મના અભ્યાસથી ચિત્તશુદ્ધિ વડે જ્ઞાન થતાં કર્તા મોક્ષનો અધિકારી બને છે. તેથી જ ભાગવત એકાદશસ્કન્ધમાં **‘मदर्पणं निष्फलं वा सात्विकं निजकर्म तत्’** એમ નિષ્કામ કર્મને ભગવાન શ્રી કૃષ્ણ સાત્ત્વિક કર્મમાં ગણે છે. સાત્ત્વિક કર્મનો અર્થ થાય છે રજો ગુણ-તમોગુણ નો ઉપર્મદ કરી પ્રવૃદ્ધ બનેલ સત્ત્વગુણના પ્રાધાન્યથી કરવામાં આવેલ કર્મ. આમ નિષ્કામ કર્મ એક રીતે જ્ઞાનનું અંગ પણ છે એમ સમજી શકાય છે કારણ કે **‘सत्त्वात्सञ्जायते ज्ञानम्’** એમ સત્ત્વ ગુણથી જ્ઞાનની ઉત્પત્તિ ગીતામાં જણાવી છે.

ક્રિયા રજોગુણથી ઉત્પન્ન થનારી હોવાથી ક્રિયાપ્રધાન કર્મમાર્ગ જેમ સગુણ -પ્રાકૃત છે તેવી જ રીતે જ્ઞાન સત્ત્વગુણજન્ય હોવાથી જ્ઞાન પ્રધાન એવો અથવા જ્ઞાન જેમાં સાધન છે એવો જ્ઞાનમાર્ગ પણ સગુણ યા પ્રાકૃત જ છે. જ્યારે જ્ઞાનરૂપ સ્વયંપ્રકાશ-ચિન્મય બ્રહ્મ એ નિર્ગુણ અથવા તો પ્રકૃતિથી પર સર્વ કારણોનું પણ કારણ હોવાથી માત્ર જ્ઞાનમાર્ગ પણ બ્રહ્મસાયુજ્ય સમ્પત્તિને આપી શકે તેમ નથી. હું દેહ છું એવું દેહભાવનિષ્ઠ જ્ઞાન તામસ્ છે, હું આ પાંચભૌતિક શરીરથી ભિન્ન ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણના સૂક્ષ્મ સમૂહ રૂપ જીવ છું એવું દેહભાવથી અલગ પણ પૃથગ્ ભાવવાળું જ્ઞાન રાજસ્ છે અને હું મૃત્યુ પરિણામી દેહ છું અથવા હું પૂર્વોક્ત સમૂહરૂપ જીવ છું અને હું તેમજ બીજા જુદા છે તેવી બુદ્ધિ અને પૃથગ્ભાવથી રહિત હું દેહ નથી. હું

જીવ નથી, આ બધામાં અને મારામાં એક જ આત્મતત્ત્વ છે તેવું પોતાનામાં કર્તા-ભોકતાના અભિમાન વિનાનું આત્મજ્ઞાન સાત્ત્વિક છે. આવા આત્મજ્ઞાનના જનક સત્ત્વગુણને ગીતાના ૧૪મા અધ્યાયમાં આરંભે નિર્મલ, પ્રકાશ કરવાના સ્વભાવવાળો અને વિકારહિત જણાવી આ સત્ત્વગુણ પણ સુખાસક્તિ કિંવા જ્ઞાનાભિમાનથી બંધનકારક જ છે એમ કહ્યું છે. યદ્યપિ આમાં કર્તા-ભોકતાનું અભિમાન નહીં હોવાથી કર્તૃત્વ અને ભોક્તૃત્વ સાથે સંકળાયેલાં દુઃખોથી તે મુકત થઈ જાય છે પણ તેવી અવસ્થામાં તેની સુખાસક્તિ (સદૈવ સુખભોગની ઈચ્છા) તો રહે જ છે. તેમજ આમાં કર્તા-ભોકતાનું યદ્યપિ અભિમાન નથી રહેતું પરન્તુ હું છું તેવું પણ અભિમાન તો શેષ રહે જ છે. આ સુખાસક્તિ અને અભિમાન જ એના બ્રહ્મસાયુજ્યમાં બાધક બને છે. આ રીતે વિચારતાં પૃથગ્ભાવ સ્વરૂપનું હોય કે પછી અપૃથગ્ભાવસ્વરૂપનું હોય પણ તે જ્ઞાન લૌકિક જ છે કારણ કે અપૃથગ્ભાવસ્વરૂપ દંડનો જ બીજો છેડો એ પૃથગ્ભાવ છે. અતઃ અપૃથગ્ ભાવવાળું સત્ત્વગુણજન્ય કેવલજ્ઞાન એ પણ લૌકિક જ છે. જ્ઞાન પણ એ જ લોકાતીત-અલૌકિક છે જે ભગવદ્ભાવયુક્ત હોય અથવા તો ભગવદ્ભાવના સ્વરૂપવાળું હોય. પ્રકૃતિ એ ત્રણગુણો (સત્ત્વ-રજસ્-તમસ્) વાળી છે અને બ્રહ્મસૂત્રમાં જણાવ્યા મુજબ **‘पर’** એટલે નિયન્તા પરમાત્માના અભિધ્યાનથી ઈચ્છાથી જ તેનામાંથી (અંશમાંથી) આનન્દાંશનો પણ તિરોભાવ થયો છે તેમજ **‘अस्य’** આને એટલે કે તિરોહિત આનંદ એવા ચિદંશને ભગવાનની અવિદ્યાશક્તિ વડે પ્રકૃતિનાં બંધનો બંધાયાં છે. અતઃઆ વિદ્યા જીવકલ્પિત નથી પણ ભગવાનની એક શક્તિ છે અને તેનો ચિદંશ સાથેનો સંબન્ધ પણ અંશની સ્વેચ્છાએ નહીં પણ અંશી એવા ભગવાનની ઈચ્છાને કારણે થયો છે. અતઃપોતાની અવિદ્યા પ્રતિબદ્ધ દશામાં જ હું બ્રહ્મ છું એમ કહેવાથી કે વિચારવા માત્રથી જ અવિદ્યા નિવૃત્તિ કે પ્રકૃતિનાં બંધનો તૂટી શકતાં નથી. સમુદ્રમાંથી ઉદ્ધૃત ઘટસ્થિત જલ એમાં સમુદ્રસ્થિત અને ઘટસ્થિત જલમાં બન્નેમાં જલત્વેન તત્ત્વતઃ ઐકય હોઈને પણ શક્તિ-સામર્થ્યત્વેન બન્નેમાં ભેદ છે, ઘટસ્થિત જલમાં અગાધતા-વિશાલતા વગેરે ગુણો હોતા નથી. આ અલ્પજળ ઘટમાં રહીને જ સમુદ્ર ચિન્તન કરે કે ‘હું સમુદ્ર છું’ તેથી તેનામાં અગાધતા-વિશાલતા વગેરે પ્રકટ થવાનાં નથી તેમજ ઘટરૂપ બંધન પણ તેણે પોતે બાંધ્યા નથી કે તેને પણ તે તોડી શકે, પરન્તુ ઘટજલનો સમુદ્ર સાથેનો સંયોગ જ અથવા તો ઘટજલની સમુદ્રમાં સ્થિતિ જ તેને સમુદ્રરૂપતા આપી શકે છે. તેવી જ રીતે અંશની અવિદ્યા પ્રતિબદ્ધતાનું નિવારણ તેમજ પ્રકૃતિનાં બન્ધનોથી મુક્તિ એ પોતાનો પરમાત્મા સાથેના સંબન્ધથી જ શકય છે. સ્વચિન્તન યા પોતાનામાં **‘अहं ब्रह्म’** વિચાર માત્રથી શકય નથી અને તેથી જ ગીતામાં પણ ભગવાન જણાવે છે **‘दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया । मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।’** આ મારી ગુણમયી- ત્રિગુણાત્મિકા માયા તરવી (માયાને પાર કરવું) શકય નથી, પણ જે લોકો મને જ પ્રપન્ન થાય છે તે લોકો આ માયાને તરી જાય છે. આમાં માત્ર ભગવત્ પ્રપન્નતાજ અવિદ્યા નિવૃત્તિ યા પ્રકૃતિથી મુક્તિનું સાધન છે એમ જણાવ્યું છે.

ગીતામાં **‘मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते’** આ વાકયમાં **‘मामेव’** મને જ, આમાં જે એવકાર છે તે ભગવત્સમ્બન્ધ વિનાનાં સર્વ સાધનોની અવિદ્યાનિવૃત્તિમાં નિરુપાયતા દર્શાવે છે. જ્ઞાન, યોગ વગેરે શ્રેષ્ઠ ગણાતા મોક્ષપ્રાપ્તિનાં સાધનો પણ જો ભગવાન સાથે સમ્બન્ધ વિનાનાં હોય તો તે સાધનો પ્રકૃત્તિનું અતિક્રમણ કરાવવા શક્તિમાન નથી હોતાં. ભક્તિ પણ જો પુરુષોત્તમનિષ્ઠ બુધ્દ્ધિયુકત થઈ પરમાત્મા પરબ્રહ્મ પરમાનન્દ ભગવાનનાં મૂલરૂપની કરવામાં આવી હોય તો તે સાયુજ્યસાધિકા બને છે પણ જો તેથી ઈતર ભગવાનનાં વિભૂતિ રૂપોની ઉપાસના કરવામાં આવે તો જે વિભૂતિરૂપ દેવોની ઉપાસના કરાય તેના જ સાયુજ્યને સાધે છે અને આ

સર્વ દેવો પ્રકૃતિના ક્ષેત્રમાં રહેલા પ્રાકૃતો જ છે અતઃ તેમાંથી પ્રકૃતિનું અતિક્રમણ થઈ પરમ સાયુજ્યનું ફલ પ્રાપ્ત થતું નથી. આ દેવોનું પ્રાકૃતપણું અને તેમના માધ્યમથી ઉત્પન્ન થનારાં ફલનું પ્રાકૃતપણું તેમજ તેવા દેવોનું સાયુજ્ય પણ પ્રાકૃત છે એ જણાવવા ગીતાકાર જણાવે છે :- **'आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन । मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥'** (ગીતા. ૮-૧૬) નીચે પાતાળથી લઈને ઉપર બ્રહ્મલોક પર્યન્તના કોઈ પણ લોકને જીવ પ્રાપ્ત કરે તો એ કાલવશ એનું પુનઃ મૃત્યુલોકમાં પુનરાવર્તન નિશ્ચિત જ છે પરન્તુ જે લોકો મને પ્રાપ્ત કરે છે તેમનો પુર્નજન્મ થતો નથી. આ પ્રકારે ભગવાન પોતાનાથી ઈતર એવા સર્વદેવોનાં ફળનું પ્રાકૃતપણું દર્શાવી પોતાનાં સમ્બન્ધી ફળની અપ્રાકૃતતા જણાવે છે. આ રીતે પુરુષોત્તમથી ભિન્ન પ્રકારે દેવોની ઉપાસના પણ પરમ સાયુજ્યમાં નિરુપાય છે. જ્યારે જ્ઞાનની જ આ મુજબ નિરુપાયતા છે તો પછી ભલે ને નિષ્કામ સહી યા ફલાસક્તિ રહિત સહી તેમ છતાં પણ જો કર્મ ભગવત્સંબન્ધ વિનાનું હોય તો તેનું જ્ઞાનાંગપણું પણ કહી શકાય તેમ નથી તો પછી તેવું ફલાસક્તિ રહિત-નિષ્કામ હોઈને પણ સાધકનું ઉચ્ચશ્રેય સાધવામાં ક્યાંથી સમર્થ થઈ શકે ?

તેથી જ ભગવાન નિષ્કામ કર્મની વાતો કર્યા પછીથી ગીતાના નવમા અધ્યાયમાં ભગવદર્પણ કર્મને સૂચવી રહ્યા છે કે :-

**यत् करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।**
**यत् तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥**
(ગીતા ૯.૨૭)

હે અર્જુન ! તું જે કરે છે, તું જે ખાય છે, તું જે હવન કરે છે, તું જે દાન આપે છે, તું જે તપ કરે છે તે બધું જ મને અર્પણ કર. અહીં તું જે કરે છે એટલે કર્તાપણાનાં અભિમાનથી જે કંઈ પણ કરવામાં આવતું હોય તે સર્વ, તું જે ખાય છે એટલે ભોકતાપણાનાં અભિમાનથી જે કંઈ પણ અનિષિદ્ધ પ્રકારે ખાન-પાન થતું હોય તે સર્વ, તું જે હવન કરે છે, તું જે દાન આપે છે એટલે વેદના પૂર્વકાંડ- કર્મકાંડમાં કહેવાયેલાં જે પણ કર્મો ધર્મ બુદ્ધિથી કરવામાં આવે તે સર્વ અને તું જે તપ કરે છે એટલે વેદના ઉત્તરકાંડ-જ્ઞાનકાંડમાં મોક્ષના પ્રયત્ન રૂપે જે કંઈ પણ મુમુક્ષાથી કરવામાં આવે તે સર્વ મને અર્પણ કર. વિહિત-નિષિદ્ધ, લૌકિક-અલૌકિક (કર્તાપણાના કે ભોકતાપણાનાં અભિમાનથી કરાયેલું અને જે ધર્મબુદ્ધિ કે મોક્ષબુદ્ધિથી કરવામાં ન આવ્યું હોય તે **નિષિદ્ધ** અને ધર્મબુદ્ધિ કે મોક્ષબુદ્ધિથી વેદના પૂર્વ-ઉત્તરકાંડમાં જણાવ્યા મુજબ કરવામાં આવે તે **વિહિત**. તેવી જ રીતે બહિરંગ ધર્મબુદ્ધિથી વેદોક્ત કરવામાં આવે તે લૌકિક અને અન્તરંગત્વેન મોક્ષબુદ્ધિથી વેદોક્ત કરવામાં આવે તે અલૌકિક) જે કંઈ પણ કરાયું છે એટલે કે સ્વાર્થ, પરાર્થ કે પરમાર્થને લક્ષીને જે કંઈ પણ કરાઈ ગયું હોય કે કરી રહ્યો હોય તે સર્વ મને અર્પણ કર.

આ રીતે મને અર્પણ કર એમ કહી કૃષ્ણાર્પણબુદ્ધિથી સર્વ કર્મો શ્રીવિષ્ણુને સમર્પણ કરીને રહેવાની જીવન પદ્ધતિ ભગવાન ગીતામાં સૂચવી રહ્યા છે. આ મુજબ જીવન પર્યન્ત અથવા તો દીર્ઘકાળ પર્યન્ત સર્વ ક્રિયમાણ કર્મોનાં ભગવદર્પણનું આવર્તન કરાતાં પરિણામે જે ચિત્તશુદ્ધિ સધાય છે અને તેવા શુદ્ધચિત્તમાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પણ ભગવત્ સમ્બન્ધવાળું જ ઉત્પન્ન થવાથી તેવું - ભગવત્ સંબન્ધવાળું જ્ઞાન જીવને માટે મુક્તિનાં દ્વાર ખુલ્લાં કરી દે છે.

આ મુજબ વિચારતાં શ્રીમદ્ ભાગવત એકાદશસ્કન્ધનું વાક્ય **'मदर्पणं निष्फलं वा सात्त्विकं निजकर्म तत्'** મને અર્પણ કરાયેલું અથવા નિષ્કામ ભાવે કરાયેલું પોતાનું કર્મ તે સાત્ત્વિક છે આમાં ભગવાનને અર્પણ કરાયેલાં

કર્મને પણ ભગવાન નિર્ગુણ નહીં કહી સાત્ત્વિક કહે છે તેનું તાત્પર્ય પણ સમજાઈ જાય છે તેમજ પ્રથમ **નિષ્કામ કર્મ કર** એમ કહી ફરીથી આગળ જે **મને અર્પણ કર** એ બન્ને વાક્યોનું પણ તાત્પર્ય સમજાઈ જાય છે. ભગવત્સંબન્ધ વિના માત્ર નિષ્કામ ભાવે કર્મ કરવામાં આવે તો તે ચિત્તશુદ્ધિ પણ સાધે છે અને તેમાં જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે પણ તે **‘सत्त्वात् सञ्जायते ज्ञानम्’** પ્રકારે રજોગુણ- તમોગુણનો ઉપમર્દન કરી- દબાવી સત્ત્વનું સામ્રાજ્ય સ્થાપે છે પણ તેમાં પણ ગૌણભાવે રાજસ -તામસ તો રહી જ જાય છે. તેથી તેવી સ્થિતિમાં ઉત્પન્ન થયેલું જ્ઞાન પણ ભલે દેહભાવ વિનાનું અપૃથગ્ભાવના સ્વરૂપવાળું હોય તો પણ તે ભગવદ્ભાવથી રહિત માત્ર આત્મભાવવાળું હોવાથી તે **‘अहं ब्रह्म’** એમ માનવાવાળો થાય તો પણ તેમાં બ્રહ્મ શબ્દની નિષ્પત્તિ યાવત્પરિમાણક જગત છે તેટલી જ તેમાં હોય છે. તેથી અધિક તેનામાં નિષ્પત્તિ થતી નથી, જેમ યાવત્પરિમાણક જગત્ રૂપમાં શ્રીકૃષ્ણને ગીતાના ૧૧મા અધ્યાયના પ્રસંગમાં અર્જુને જોયા પણ તે આથી પણ ઘણું અધિક બ્રહ્મ છે એમ **‘पादोऽस्य विश्वाभूतानि’** રૂપમાં સમ્પૂર્ણ જગત અને જગતમાં આવેલા જીવમાત્રો તે બ્રહ્મના પાદમાત્ર છે તેમ અર્જુનને ત્યાં દર્શન નથી થયું. તેવી જ રીતે આવા જ્ઞાનીઓનું પણ જ્ઞાન તેને અપૃથગ્ભાવે પૃથગ્ભાવજન્ય સુખ-દુઃખાદિથી તો મુક્ત કરે છે. પરન્તુ તેને સુખાસક્તિ કે અપૃથગ્ભાવના અહંથી તો મુક્ત નથી જ કરી શકતું, ગીતામાં પણ ભગવાન **एव** એમ કહી ભગવત્ સમ્બન્ધ વિનાના જ્ઞાન-યોગ વગેરે શ્રેષ્ઠ ગણાતાં સાધનોનું પણ પ્રકૃતિના અતિક્રમમાં અસમર્થપણું દર્શાવે છે. અતઃ જ્યાં જ્ઞાનાદિની જ અસમર્થતા છે ત્યાં માત્ર કર્મથી શ્રેય પ્રાપ્તિ તો શક્ય જ નથી. કોઈ પણ પ્રકારનું કર્મ જે મીમાંસકોમાં ઉત્તમ ગણાતું હોય તેમ છતાં પણ જો તે કર્મ ભગવત્ સમ્બન્ધ વિનાનું માત્ર લૌકિક યા ક્રિયાત્મક જ હોય તો તેનાથી તો શ્રેયની વાત દૂર રહી ચિત્તશુદ્ધિ થવામાં પણ સંદેહ રહે છે. ખરેખર વિચારવામાં આવે તો મીમાંસકો ભગવત્ સ્વરૂપને તેમજ વેદનાં તાત્પર્યને જ સમજી શકયા નથી. અતઃ તે લોકો દ્વારા નિર્દિષ્ટ કર્મ પ્રકાર એને તો જ્ઞાનાંગ પણ કહી શકાય તેમ નથી. જ્ઞાનાંગ કર્મ એને જ કહેવાય કે જે જ્ઞાન માટેનું અપેક્ષિત ચિત્ત શોધન કરે, કારણ કે નિર્મલ ચિત્તજ આત્મગ્રહણ માટે સમર્થ બને છે અને ચિત્તનો મલ એ અવિદ્યા છે એ આ શાસ્ત્રવાક્યથી સમજી શકાય છે.

**ज्ञानीनामपि चेतांसि देवी भागवती हि सा ।**
**बलादाकृष्य मोहाय महामाया नियच्छति ॥**

આ વાક્યમાં તો જ્ઞાનદશામાં પણ જરા પણ અસાવધાનતાએ ચિત્તમાં અવિદ્યાનો પ્રવેશ અને તેથી જ્ઞાનદશાથી ચ્યુતિ દર્શાવી છે. અતઃ અવિદ્યા એ જ્ઞાન વિષયમાં ચિત્તનો મલ છે અને આ અવિદ્યાની આત્યન્તિક નિવૃત્તિ ભગવત્પ્રપત્તિ વિના શકય નથી એમ ગીતા વાકય **मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते** થી જાણી શકાય છે. અતઃ ભગવત્ સમ્બન્ધ વિનાનું કર્મ તેને જ્ઞાનાંગ પણ કહી શકાતું નથી.

અત એવ માત્ર નિષ્કામ કર્મ પણ ઉચ્ચશ્રેયમાં સમર્થ નહીં બનતું હોવાથી નિષ્કામ કર્મથી આગળનું સોપાન ભગવાન ગીતામાં દર્શાવે છે કે જેના વડે જીવ દ્વારા થનારા આંતર-બાહ્ય સર્વ કર્મો ભગવત્ સમ્બન્ધવાળાં થઈ ઉચ્ચશ્રેયના માર્ગમાં જીવને આગળ વધારવા ઉપકારક સિદ્ધ થઈ શકે અને તે કર્મ છે **ભગવદર્પણ કર્મ.** દરેક કર્મ ભગવાનને અર્પણ કરવાં જેથી તે ભગવત્ સમ્બન્ધવાળા થઈ પ્રકૃતિનું અતિક્રમાણ કરાવનાર અને મોક્ષસુધી લઈ જનાર માર્ગ પર જીવને સ્થિર કરે.

આ સમ્પૂર્ણ વિશ્વમાં સદ્ગુણ નામથી પ્રસિદ્ધ ત્યાગ, વૈરાગ્ય, યોગ, તપ વગેરે પણ જો ભગવત્ સંબંધ રહિત હોય, તેમાં કયાંય કોઈ પણ પ્રકારે ભગવદ્ ભાવનો સંબંધ થતો ન હોય તો તેવા સદ્ગુણો પણ પરમશ્રેયને

સાધી શકવા સમર્થ નથી હોતા. બલ્કે વ્યવહારમાં પણ તે માત્ર ભારરૂપ અને પરિણામે કલેશકારક જ હોય છે. તેવી જ રીતે આ વિશ્વમાં અસદ્ગુણ નામથી પ્રસિદ્ધ કામ, ક્રોધ, લોભ, દ્વેષ, ભય વગેરે પણ જો યેનકેનાપિ પ્રકારેણ ધનિષ્ઠતાથી ભગવદ્ભાવથી સંકળાયેલા હોય અથવા તો તે ભગવાનમાં ધનિષ્ઠતાથી પ્રયોજિત થયેલા હોય તો તેથી લોકાતીત પરમશ્રેય સિદ્ધ થાય છે એમ પોતાનો સ્પષ્ટ અભિમત શ્રીમદ્ ભાગવત દર્શાવે છે. શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કન્ધમાં યુધિષ્ઠિરે શિશુપાલ વધ પછીથી તેના જીવાત્માનો શ્રીકૃષ્ણમાં વિલય થતો જોયો ત્યારે જીવનભર શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર શિશુપાલને આવી ઉત્તમગતિ કેવી રીતે મળી એમ યુધિષ્ઠિરના પ્રશ્નનો ઉત્તર આપતાં ભક્તિમાર્ગાચાર્ય પરમભાગવત દેવર્ષિવર્ય શ્રીનારદજી જણાવે છે કે :

**तस्माद्वैरानुबन्धेन निर्वैरेण भयेन वा ।**
**स्नेहात्कामेन वा युञ्ज्यात्  कथञ्चिन्नेक्षते पृथक् ॥**
**कीटः पेशस्कृता रुद्धः कुड्यायां तमनुस्मरन् ।**
**संरम्भभययोगेन विन्दते तत्सरूपताम् ॥**
**एवं कृष्णे भगवति मायामनुज ईश्वरे ।**
**वैरेण पूतपाप्मानस्तमापुरनुचिन्तया ॥**
**कामाद् द्वेषाद् भयात् स्नेहाद्यथा भक्त्येश्वरे मनः ।**
**आवेश्य तदघं हित्वा बहवस्तद्गतिं गताः ॥**
**गोप्यः कामाद् भयात् कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ।**
**सम्बन्धात् वृष्णयः स्नेहाद्यूयं भक्त्या वयं विभो ॥**
(ભાગ. સ્કં. ૭, અ.૧ શ્લો. ૨૫-૨૭-૨૮-૨૯-૩૦)

**અર્થાત્** - હે યુધિષ્ઠિર ! ચાહે વેરભાવે યા વેર વિનાના ભાવે યા ભયથી યા સ્વાર્થ-કામના વડે પણ કોઈ પણ પ્રકારે મનનું ભગવાનમાં પરોવાઈ જવું એ જ મહત્ત્વપૂર્ણ છે, આથી ઈતર ભગવાન બીજું કંઈ જોતા નથી, જેમ ભૃંગી કીડાને પકડી લાવી દિવાલમાં પોતાના દરમાં-છિદ્રમાં  એને પૂરી દે છે અને તે પછી કીડો ઉદ્વેગ અને ભયનો માર્યો ભૃંગીનું ચિન્તન કરતાં-કરતાં ભૃંગી જેવો જ થઈ જાય છે. તેવી જ રીતે પોતાની આત્મમાયા વડે મનુષ્ય જેવા દેખાતા સાક્ષાત્ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં વેર વગેરે ભાવ વડે પણ (જેમનું મન ભગવાનમાં ધનિષ્ઠતાથી લાગી ગયું છે તેવાઓ) (કૃષ્ણભાવ વડે તેમનું ચિન્તન કરતાં) પવિત્ર થઈ ગયા છે અને તે પરમાત્મા શ્રીકૃષ્ણને પામ્યા છે. જેમ ભક્તો ભક્તિ વડે ભગવાનને પામે છે તેમ કામથી, દ્વેષથી, ભયથી, સ્નેહથી પોતાના મનને ઈશ્વરમાં લગાવી પોતાનાં સર્વ પાપોનો (ભગવત્ સંબન્ધ વડે) નાશ કરી અનેક લોકો કૃષ્ણગતિને પ્રાપ્ત થયા છે. ગોપીઓ (અન્તર્ગૃહગતા) કામથી, કંસ ભયથી, શિશુપાલ વગેરે રાજાઓ દ્વેષથી, વૃષ્ણિકુલમાં જન્મેલાઓ સગા-સમ્બધન્ધી ભાવે, સ્નેહથી તમે (પાંડવો) અને ભક્તિથી અમે (નારદ વગેરે ભક્તો) બધા જ કૃષ્ણ ગતિને પામેલા છે.

આ રીતે વેર, દ્વેષ, કામ વગેરે દુર્ગુણો પણ ભગવાનનો સમ્બન્ધ પામીને એનાં દુસ્ત્વથી રહિત થઈ કલ્યાણકારક બની જાય છે. ખરેખર જો વિચારવામાં આવે તો આ વિશ્વમાં સદ્ એ માત્ર પરમાત્મા પરબ્રહ્મ ભગવાન જ છે તેથી ભલે વ્યવહારમાં કેટલાક ગુણો શ્રેષ્ઠતાના નામે પ્રસિદ્ધ હોય તેમ છતાં પણ ભગવત્સંબન્ધથી જ તે ગુણો સદ્ગુણ બને છે અને જેમાં ભગવાનનો સીધો કે આડકતરો કોઈ પણ પ્રકારનો સમ્બન્ધ નથી તે અસદ્ગુણો જ છે.

નિષ્કામ કર્મ હોય કે પછી નૈષ્કર્મ્ય જ્ઞાન હોય, પણ જો તે ભગવદ્ભાવ વિનાના કે, ભગવત્ સંબન્ધ વિનાના હોય તો તે પ્રકૃતિનાં બંધનોને કાપી

શકતાં નથી. પ્રકૃતિનાં બન્ધનોનો નાશ માત્ર ભગવાનથી જ શક્ય હોવાથી તેમજ પરમેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સંબંધી જ્ઞાન હોય કે પુરુષોત્તમ સંબંધી ક્રિયા હોય તે ભક્તિના અંગ-ભક્તિરૂપ હોવાથી (ગીતાના ૧૧મા અધ્યાયમાં જ્ઞાન, યજ્ઞ, તપ વગેરેથી પોતાની અપ્રાપ્યતા બતાવી ૧૮માં અધ્યાયમાં **'भक्त्या मामभिजानाति'** ભક્તિ વડે તે મને જાણે છે અને તેના દ્વારા તે મારું સાયુજ્ય પ્રાપ્ત કરે છે એમ કહ્યું છે તેથી તે જ્ઞાન-ક્રિયા એ ભક્તિનાં અંગ છે અને તે ભક્તિરૂપ છે) નિષ્કામ કર્મનો માર્ગ ચીંધ્યા પછીથી અર્જુન કયાંક નિષ્કામ કર્મમાં અટવાઈ જઈ ભક્તિવિહોણો ન બની જાય અને તેના દેખાદેખી બીજા ભક્તિના અધિકારી જીવો પણ વ્યર્થમાં નિષ્કામ કર્મમાં અટવાઈ ન જાય તેથી ભગવાન ગીતાના નવમા અધ્યાયમાં ભગવદર્પણ કર્મ એટલે કે ભક્તિભાવ સાહિત્યનું કર્મ ઉપદેશે છે. આ ભગવદર્પણ કર્મ એ ભક્તિમિશ્ર કર્મનો પ્રકાર છે. તેથી આમાં ભક્તિ તો છે જ; તેમ છતાં પણ આ મુખ્ય ભક્તિમાર્ગ (મર્યાદાભક્તિનો કે પુષ્ટિભક્તિનો માર્ગ) તો નથી જ, કારણ કે આ પ્રકારમાં કરવું, ખાવું, યજ્ઞ, દાન, તપ વગેરે તે બધું ભગવાનના ઉદ્દેશથી કે ભગવાનને અનુલક્ષીને કે ભગવાન માટે નથી પણ તે બધું જ પોતાની જાતને અનુલક્ષીને પોતાના ઉદ્દેશથી કે પોતાને માટેનું છે અને તેને ભગવદર્પણ પ્રકારે માત્ર ભગવાનનો સમ્બન્ધ પ્રાપ્ત કરાવવામાં આવે છે. જે જ્ઞાન કે જે કર્મનો ઉદ્દેશ કે લક્ષ્ય ભગવાન ન હોય, અથવા તો જેનો હેતુ ભગવદ્ ભજન ન હોય અને જે જીવસંબન્ધી સાત્ત્વિક, રાજસ કે તામસ ગુણોના ભાવે કરવામાં આવતું હોય જેનો ઉદ્દેશ કે લક્ષ્ય ભગવાન ન હોય જીવ પોતે હોય તેવાં જ્ઞાન કે કર્મને મુખ્ય ભક્તિનાં અંગ કહી શકાય નહીં, ભક્તિમાં તો ભગવાન અને ભગવાનનાં ભજનની ઈચ્છાથી અતિરિકત બીજો કોઈ હેતુ હોઈ શક્તો જ નથી. અને તેથી જ જે લોકોમાં ભક્તિનો અભાવ છે તેવાઓ **'आत्मा वाऽरे दृष्टव्यः'** વગેરે શ્રુતિઓના અર્થમાં આત્મા પદનો અર્થ ભગવાન એમ

ગ્રહણ ન કરી જીવ પરક અર્થ ઘટાવે છે. જેમનામાં ભક્તિ નથી તેમને ભગવાન નહીં પણ પોતાનું જ સ્મરણ રહે છે અને જેમનામાં ભક્તિનો ઉદય છે તેમને પોતાની જાતનું સ્મરણ થતું જ નથી પણ તેમને માત્ર ભગવાનનું જ સ્મરણ સતત રહે છે. ભાગવતના ત્રીજા સ્કન્ધમાં કપિલગીતામાં જે સાત્ત્વિક ભક્તિ, રાજસ ભક્તિ, તામસ ભક્તિ કહેવાઈ છે તે ભગવત્ સંબન્ધથી જ ભક્તિ પદનો પ્રયોગ થયેલો છે અન્યથા તે ભકિતનો પ્રકાર તો નથી જ. મુખ્યભક્તિમાર્ગનો પ્રકાર તો નિર્ગુણભક્તિનો બતાવ્યો છે તે જ મુખ્ય છે.

અતઃ આ બધી બાબતોનો વિચાર કરતાં ભગવાન દ્વારા ગીતાના નવમા અધ્યાયમાં જે ભગવદર્પણ પ્રકાર ઉપદેશાયેલો છે તે નિષ્કામ કર્મના પ્રકાર કરતાં શ્રેષ્ઠ છે પણ તે સર્વશ્રેષ્ઠ પ્રકાર તો નથી જ, સર્વ શ્રેષ્ઠ પ્રકાર તો હજુ આગળ જોવો પડશે.

### (૬) પોતાની જાતને અને જગતના સર્વ વિષયોને વિસ્મરી ચિત્તમાં માત્ર પરબ્રહ્મની જ અવધારણા કરીને અતિશય સ્નેહ પૂર્વક ભગવાન માટે જ પોતાના સર્વ ઈન્દ્રિય અન્તઃકરણ સહિત પોતાના દેહ વડે સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્ત થવાનો જીવન પ્રકાર)

જેનાં જીવનનાં કોઈ પણ પાસામાંથી ઈશ્વરથી અતિરિક્ત બીજું કોઈ પ્રયોજન દેખાતું ન હોય એટલે કે જેના જીવનની કોઈ પણ પ્રવૃત્તિ અથવા તો જેની સમ્પૂર્ણ જીવન પ્રવૃત્તિ એક માત્ર પરમાત્મા માટેની જ છે એ જીવન પ્રકાર સર્વશ્રેષ્ઠ છે એમાં કોઈ સંશય નથી. કારણ કે આ પ્રકારમાં વ્યક્તિનો **'अहम्'** 'હું'પણાનો ભાવ સર્વથા ઓગળી ગયેલો હોય છે અને જ્યાં 'હું' પણાનો ભાવ નથી ત્યાં **'मम'** 'મારા' પણાનો ભાવ હોય તે તો શક્ય જ નથી. આ હું પણાનો અને મારાપણનો અન્તઃકરણમાં ઘર કરી બેસેલો ભાવ

જ મનુષ્યને ઈશ્વરથી અળગો રાખે છે. આ એક જાતનો નશો છે જેથી આ નશામાં ચકચૂર થઈ રહેલા મનુષ્યનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અસ્મિતા પોતાના સાચા પ્રિયને કે પ્રિયતમને જોઈ -અનુભવી શકતા નથી. તે પરમાત્માનું અતિશય મનોહારી સૌન્દર્ય નેત્રોથી માણી શકતો નથી, તે પરમાત્માના અતિશય પ્રેમાળ આવાહનને કર્ણેન્દ્રિયથી સાંભળી શકતો નથી. સારાંશમાં કહીએ તો તે પોતાનામાં અને પોતાની સમીપમાં રહેલા પરમાત્માની સત્તાને-ઉપસ્થિતિને વિચારી, કલ્પી કે અનુભવી શકતો નથી. એ વ્યક્તિ નશામાં એટલા ઊંડાણમાં ડૂબેલો હોય છે કે તેને એ પણ ભાન નથી રહેતું કે ઉછાળા મારતા આનન્દના મહાસાગરને કાંઠે જ તે બેઠેલો છે. એનું આ અજ્ઞાન જ એને અન્યથાજ્ઞાનવાળો કરી નાંખે છે. પૂર્વમાં જણાવ્યા મુજબનો નશાવાળી અવસ્થામાં ઈશ્વરની ઉપસ્થિતિના અભાવનો અનુભવ એ એનામાં કામનાઓનો મહાસાગર રેલાવી દે છે, એ રાજામાંથી રંક બની જાય છે, એ શ્રીમન્તમાંથી દરિદ્ર બની જાય છે, એ સુન્દરમાંથી ભયાનક બની જાય છે. એ નિર્ભયમાંથી ભયવાળો બની જાય છે, એ જાણનારમાંથી અજાણ્યો બની જાય છે આ 'હું' -'મારા'નો નશો એને દરેક પ્રકારની પાયમાલી એનાં જીવનમાં અર્પી દે છે અને એ જન્મોજન્મ જન્મ-મરણના ભવાટવીમાં ભટકતો થઈ જાય છે. ખરેખર આ જ વિશ્વની ચેતનાનું અવમૂલ્યન યા ચૈતન્યના રકાસનો ઈતિહાસ છે.

જેની દૃષ્ટિ સીમાડાઓને જોનારી છે તેની બુદ્ધિ આ મારું છે એવા અભિમાન વાળી હોય છે. જેમ પૃથ્વી પર એક પ્રદેશમાત્રનો કોઈ રાજા હોય તે એમ માને છે કે આ પ્રદેશ મારો છે. કારણ કે તે પ્રદેશની સીમાને જોતો હોય છે, તે બીજાના અધિકારવાળા પ્રદેશની પણ સીમાને જોતો હોય છે. પણ જે વિશ્વનો સમ્રાટ હોય છે કે જેનું વિશ્વના સમ્પૂર્ણ પ્રદેશ પર આધિપત્ય હોય છે, જ્યાં એના સિવાય બીજો કોઈ રાજા છે જ નહીં તો એને પછી પ્રદેશાભિમાન નથી હોતું, પણ તે વિશ્વાભિમાનવાળો હોય છે. તેવી જ રીતે જે પોતાનામાં કે પોતાના સમીપ સર્વનિયન્તા ઈશ્વરને પોતાના પ્રિયતમરૂપમાં જોઈ-અનુભવી શકે છે તેને માટે વિશ્વના સીમાડાઓથી પણ આગળ, આકાશના સીમાડાઓથી પણ આગળનું જે કંઈ પણ ઐશ્વર્ય છે તે તેને માટે અતિ સુલભ હોય છે, પછી તો શા માટે અને કઈ વસ્તુની કામના કરશે ? પછી તે શા માટે પોતાનામાં રંક કે દરિદ્રનો અનુભવ કરે ? જે આનન્દને જોઈ નથી શકતો તે જ દુઃખી હોય છે, તે જ દર-દર ભટકતો સુખ શોધતો રહે છે. પણ જે પોતાને આનન્દના મહાસાગર કાંઠે જોઈ શકે છે તે શા માટે દુઃખોનો ભાર લઈ દર-દર ભટકશે ? નહીં જ ભટકે.

આ હું અને મારાનાં ચક્કરમાંથી બહાર નીકળવા માટે જીવ પાસે એકજ સાધન છે અને તે છે પરમાત્માની-પરબ્રહ્મની ભક્તિ. ભક્તિ એટલે ભગવાનનું સતત સાહચર્ય યા સાન્નિધ્ય, મનુષ્ય જ્યારે પોતાના ઉપરથી પોતાનાં મન-બુદ્ધિનું ધ્યાન ખસેડે છે ત્યારે એને પરમાત્માનું સામીપ્ય અનુભવમાં આવે છે. પેલા ઉર્દુ શાયરની પંક્તિઓ અહીં ઉલ્લેખનીય રહેશે કે

**तुम मेरे पास होते हो गोया ।**
**जब कोई दूसरा नहीं होता ॥**

ખરેખર ભક્તિ એક એવી તન્મયતાનું નામ છે જેમાં પ્રપંચની એટલે કે જગતમાત્રની વિસ્મૃતિ હોય છે અને તેથી પણ વધુ આત્મવિસ્મૃતિ પણ હોય છે. જગતને ભૂલીને પણ જો પોતાનું સ્મરણ રહી ગયું તો ભક્તિ એની ચરમ સીમાને સ્પર્શતી નથી. શ્રીકૃષ્ણની સાથે મહારાસમાં સમ્મિલિત થયેલી ગોપિકાઓને માત્ર એટલું જ સ્મરણ થઈ આવ્યું કે 'અહો અમે કેટલા ભાગ્યશાલી છીએ કે સાક્ષાત્ પરમાત્મા શ્રી કૃષ્ણ અમારી સાથે રાસ કરે છે' આમાં **'અમે ભાગ્યશાલી છીએ'** એટલું જ પોતાનું સ્મરણ થતાં શ્રીકૃષ્ણ અન્તર્ધાન થઈ ગયા. **અમે** આટલું જ માત્ર સ્મરણ છે પણ એ સ્મરણને સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસવામાં આવે તો એમાં ઈશ્વર ઉપલબ્ધિમાં બાધક એવા

અનેક દુર્ગુણોનો ભંડાર **અમે**નાં સ્મરણમાં છુપાયેલો છે. પરમાત્માથી અલગ અવસ્થામાં હીનતા, અલ્પતા, દીનતા, અજ્ઞાનતા, લોલુપતા, નિર્બલતા, વગેરે અને સહુ થી વધુ અહંતા, મમતા અને કામમયતાનું પણ **અમે** સાથે સંકળાયેલું સ્મરણ હોય છે જે જન્મ-મરણનાં અનેક વારના આવર્તનથી સુખ-દુઃખ સ્વરૂપવાળું હોય છે. આપણે આપણાં જીવનમાં એવા પ્રકારથી ભક્તિમાં આગળ વધવાનું છે કે જેમાં આપણું જીવનજ ભક્તિ બની જાય , મનુષ્ય પોતાને અર્થે-પોતાનું સ્મરણ રાખી જેટલા પણ શ્વાસ-પ્રશ્વાસ લે-છોડે છે તે એનું સાંસારિક જીવન છે અને જેટલા શ્વાસ-પ્રશ્વાસની ક્રિયામાં એ પોતાને ભૂલી મનમાં પરમાત્માના મધુરતમ રૂપને આલિંગિત થઈ પોતાને અને બધાને ભૂલેલો હોય છે તે એનું સંસાર મધ્યે રહીને પણ અલૌકિક જીવન છે. પરમાત્મા શ્રીકૃષ્ણ જેમ-જેમ મનુષ્યનાં મનમાં પ્રેમનો પ્રકાશ વિસ્તારતા જાય છે તેમ-તેમ સાંસારિક અજ્ઞાનનો અન્ધકાર આપોઆપ નિવૃત્ત થતો જાય છે. પરમાત્મા શ્રીકૃષ્ણ જેમ-જેમ ભક્તને પોતાના પ્રેમાળ પાશમાં જકડતા જાય છે તેમ-તેમ મનુષ્ય પરમાત્માના પરમાનન્દ સ્પર્શનાં મધુરતમ સ્પન્દનોમાં હું ફલાણો છું, હુ મનુષ્ય છું, હું પુરુષ યા સ્ત્રી છું, હું સુન્દર છું યા અસુન્દર છું, હું સુખી છું યા દુઃખી છું, હું જ્ઞાની છું કે મૂર્ખ છું, હું સમર્પક છું કે સમર્પિત છું, હું દેહ છું કે આત્મા છું વગેરે બધું જ ભૂલતો ચાલ્યો જાય છે અને જ્યારે એ સાધક-મનુજનાં મનનો સમ્પૂર્ણ હવાલો શ્રીકૃષ્ણ સંભાળી લે છે તેમજ તેની બુદ્ધિના સર્વ સંસ્કારોનો નાશ શ્રીકૃષ્ણભક્તિની તીવ્રલાલસારૂપ સુદર્શન ચક્ર વડે થઈ જાય છે ત્યારે તે વ્યક્તિ બુદ્ધિનાં સ્મરણથી કે મનની ઉચ્ચ વાસનાથી નહીં પણ આત્મામાંથી ઉદ્ભવતા અવિરત પ્રેમ પ્રવાહથી તે શ્રીકૃષ્ણભક્તિ પરાયણ બની જાય છે. એ અવસ્થામાં એને એ ભાન નથી રહેતું કે એ ભક્તિ કરી રહ્યો છે, એને એનો પણ ખ્યાલ નથી હોતો કે તે આમ કેમ કરી રહ્યો છે, એને એનો પણ વિચારમાત્ર નથી હોતો કે આ હું કરી રહ્યો છું, એને એ પણ ધ્યાન નથી રહેતું કે આમ થાય અને આમ ન થાય અથવા તો આના પછી આ થાય, એ તો એનાં સર્વ અંગ અંગમાં, સર્વ ઈન્દ્રિયોમાં અને સર્વ પ્રાણમાં તથા સમ્પૂર્ણ અન્તઃકરણ સહિત એના અંશ-આત્મરૂપમાં વ્યાપી ગયેલ પ્રેમથી જે થઈ જાય છે તે જ કરે છે. આ જ ભકિતની પરમ ઉચ્ચ દશાને ભાગવતમાં ગોપિકાઓની પ્રેમવિહ્વલ દશાનાં કથનના માધ્યમથી કહેવાઈ છે કે-

**तन्मस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।**
**तद्गुणानेव गायन्त्यो नात्मागाराणि सस्मरुः ॥**

(ભાગ. ૧-૩૦-૪૪)

એ ગોપિકાઓ પ્રેમની વિહ્વલતામાં એવી તો બની ગઈ કે એમનું મન શ્રીકૃષ્ણથી ઈતર ક્યાંય રહ્યું નહીં, તેમની વાણી શ્રીકૃષ્ણથી ઈતર કંઈ પણ ઉચ્ચારવા અસમર્થ બની ગઈ, તેમના પ્રાણો કૃષ્ણભાવથી ઈતર કંઈ ચેષ્ટા કરી શકતા ન હતા. તેમની સર્વ ઈન્દ્રિયો તથા તેમનું સમ્પૂર્ણ અતઃકરણ તથા તેમનો અંશરૂપ આત્મા એવા તો કૃષ્ણમય બની ગયા કે તેમનો શ્રીકૃષ્ણથી ઈતર બીજો કોઈ વિષય જ શેષ ન રહ્યો અને તેમનો સમ્પૂર્ણ જીવન પ્રયત્ન શ્રી કૃષ્ણગાનથી ઈતર કંઈ રહ્યો જ નહીં. આ રીતે તેઓ પોતાના અને પોતાના સમ્બન્ધીઓનાં સ્મરણ વિનાના (માત્ર કૃષ્ણ પરાયણ) થઈ ગયા.

ગોપિકાઓની આ ઘટનાના લગભગ ૧૦૦ વર્ષ પછી પણ તાજાં સ્મરણની માફક શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ઉપદેશ આપતાં કહે છે :-

**ता नाविदन् मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ।**
**यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे ॥**

(ભાગ.૧૧-૧૨-૧૨)

હે ઉદ્ધવ ! જેમ મુનિજનો સમાધિની પરમોચ્ચ દશામાં અને વેગવાળા

પ્રવાહથી માઈલોનાં અન્તર કાપી સમુદ્રના-જળમાં મળી જતી નદીઓ પોતાનાં નામ-રૂપ વિહોણાં બની જાય છે. તેમ એ મારા પ્રેમના પ્રગાઢ બન્ધનમાં બન્ધાયેલી ગોપીઓ મારા વિરહની ઉત્કટ અવસ્થામાં પોતાનાં નામ-રૂપમાં અનુભવ વિનાની થઈ ગઈ.

**तत् कर्म हरितोषं यत् सा विद्या तन्मतिर्यया ।**

(ભાગ.૪-૨૯-૪૯)

જે કરવાથી શ્રીહરિ-ભગવાન સન્તુષ્ટ થાય તે જ કર્મ છે (અને) જેનાથી -જે જાણવાથી પરમેશ્વર-ભગવાનમાં બુદ્ધિ થાય તે જ સાચી વિદ્યા છે.

તેમજ

**तज्जन्म तानि कर्माणि तदायुस्तन्मनो वचः ।**
**नृणां येन हि विश्वात्मा सेव्यते हरिरीश्वरः ।।**

(ભાગ.૪-૩૧-૯)

મનુષ્યોનાં તે જ જન્મ, કર્મ, આયુષ્ય, મન, વાણી સાર્થક-સફળ છે કે જેના વડે વિશ્વાત્મા-સર્વના આત્મા એવા ભગવાન હરિ-ઈશ્વર સેવાય છે.

રાત્રિ છે માટે સૂર્ય નથી એમ કહેવું બરાબર નથી પણ સૂર્ય નથી માટે રાત્રિ છે એજ કથન યોગ્ય છે. અન્ધકારમાં પ્રકાશ કરી શકાય છે પણ પ્રકાશમાં અન્ધકાર થતો નથી. પ્રકાશના અભાવમાંજ અન્ધકારની સત્તા છે. તેવી જ રીતે હીનતા, ક્ષુદ્રતા, અલ્પતા, અનૈશ્વર્ય, નિર્બલતા, અજ્ઞાન, અહંતા, મમતા, દીનતા, દુષ્ટતા, ક્ષીણતા, દુઃખ, ગ્લાનિ, વગેરે જે હીનભાવે કહેવાયેલા શબ્દો છે તે મનુષ્ય જીવન સાથે ત્યારે જ સંકળાય છે કે જ્યારે તેનો ભગવાન સાથે સમ્બન્ધ ન હોય. તેમજ જે લોકો ભગવાન સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા છે તેમની સાથે આ હીનભાવ દર્શાવનારા શબ્દોનો કોઈ મેળ બેસતો નથી. ખરેખર આ સમગ્ર વિશ્વભરમાં જે કંઈ પણ શ્રેષ્ઠતાથી કહેવાયેલું છે કે કહેવાય છે તે બધું જ પરમાત્માના ઈશ્વરીય ગુણોની અભિવ્યક્તિથી જ કહેવાયેલું છે કે કહેવાય છે. અતઃ જે જીવનનું કોઈ પણ પાસું પરમાત્માના અલૌકિક ગુણોની અભિવ્યક્તિ વિનાનું ન હોય તે જીવનનો પ્રકાર સર્વ શ્રેષ્ઠ પ્રકાર કહી શકાય છે; બીજો કોઈ પણ પ્રકાર નહીં.

પૂર્વમાં જે શ્રીમદ્ ભાગવત ચતુર્થસ્કન્ધનાં વાક્યો ટાંકવામાં આવ્યાં છે તેનો પણ આ જ આશય છે. જેમ આપણે સૌંદર્યને લઈને બે પ્રકારે પ્રયોગ કરીએ છીએ જેમાંથી કોઈ વસ્તુ ચિત્તાકર્ષક, સારી, પ્રિયત્વને ઉત્પન્ન કરનારી હોય ત્યારે આપણે એને માટે સુન્દર પદનો પ્રયોગ કરીએ છીએ. આંખ, નાક, નકશી, વર્ણ, અંગ, ઉપાંગ વગેરેમાં કયાંક કોઈ-કોઈ ક્ષતિ રહેલી હોય તેમ છતાં પણ બધાના સંયોગથી આકર્ષક લાગે ત્યારે લોકો એને માટે અભિપ્રાય આપે કે આ સુન્દર છે, પરન્તુ જ્યારે કોઈ નવ યૌવના એના દેહના કોઈ પણ અવયવો એક દમ ઘાટીલા નકશીદાર હોય જાણે કે કોઈ બહુ જ કુશળ કારીગરે બહુ જ શાન્તિથી અને તન્મયતાથી ઘાટ ઘડયો હોય તેમજ તેવી જ તેના સૌદર્યને નિખારતી ત્વચા હોય, તેજસ્વી મુખાકૃતિ સાથે દેહ વર્ણ પણ તેવી જ સુન્દર આભાવાળો હોય અને તેનાં સૌન્દર્યને ચાર ચાંદ લગાવે તેવા તેના હાવ-ભાવ હોય ત્યારે આવાં સૌન્દર્યને જોઈને કે જેમાં શોધ્યે પણ કોઈ ખામી કાઢી ન શકાય ત્યારે તેને સુન્દર, અતિસુન્દર નહીં પણ સર્વાંગ-સુન્દર કહેવામાં આવે છે. તેવી જ રીતે એક એવું જીવન જેને કોઈ પણ એંગલથી જોવા-વિચારવામાં આવે તો દરેક કોણથી તે પરમ સુન્દર, પરમાત્માનું જ સ્મરણ, ભાવન, દર્શન કરાવતું હોય તેવાં સર્વાંગ સુન્દર જીવનને જ સર્વશ્રેષ્ઠ જીવન કહી શકાય છે. આ બાબતમાં સ્વામી વિવેકાનન્દજીનું ઉદાહરણ ઘણું જ બન્ધ બેસતું છે. સ્વામી વિવેકાન્દજી જ્યારે અધ્યયન કાળમાં હતા ત્યારે વર્ષ પૂર્ણ થતાં પરીક્ષા આપવા બેઠા. પરીક્ષામાં બધા વિદ્યાર્થીઓની સાથે-સાથે તેમને પણ પ્રશ્ન-પત્ર આપવામાં આવ્યો.

પ્રશ્ન-પત્રમાં ૧૦૦ અંક ના પેપરમાં ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં પ્રાયઃ દરેકમાં એમ જણાવવામાં આવ્યું હતું કે આ દસ પ્રશ્નો પૈકી કોઈપણ પાંચના ઉત્તરો લખો. પ્રશ્નપત્રો-ઉત્તરોની વહી લખાયા પછી તપાસનાર પાસે ગઈ ત્યારે કોઈએ ૧૦માંથી પાંચના સાચા ઉત્તરો આપેલા કોઈએ ચારના, કોઈએ ત્રણના પણ એક ઉત્તરવહી એવી તપાસનાર પાસે આવી જે દરેક ૧૦ પ્રશ્નો પૈકી દસે દસના ઉત્તરો લખ્યા હતા અને દરેકની  નીચે પરીક્ષા આપનારે નોંધ નાંખી હતી કે મેં આ દસે દસના ઉત્તરો લખ્યા છે તેમાંથી તમને જે ઠીક લાગે તે પાંચ ઉત્તરો લઈ અંકો (માકર્સ) નું અંકન કરી શકો છો.પરીક્ષકે પણ આવી વહી જોઈ, છક્ક થઈ બધા જ ઉત્તરો તપાસી લીધા ને અંક આપ્યા તો કોઈ પ્રશ્નમાં એક પણ અંક કાપી શકાય તેવી સ્થિતિ ન હતી અને તેથી જો બધા જ ઉત્તરો લેવામાં આવે તો ૧૦૦ અંકના પેપરમાં ૨૦૦ અંક આપવા પડે ને જો પાંચ પડતા મૂકે તો પડતા મૂકાયેલા પાંચ પ્રશ્નોને અન્યાય થાય અને જે વિદ્યાર્થીએ બાકીના પાંચ પડતા મૂકવા જોઈએ તે કામ પાંચ પ્રશ્નોને પડતા મૂકવાનું  પરીક્ષકે કરવું પડે અને આ તો ઉલટી ગંગા કહેવાય. ભલે પરીક્ષામાં ડિસ્ટિંકશન થી કોઈ પાસ થાય તેમ છતાં પણ જેટલા અંક નથી મેળવી શકાયા યા પૂછાયેલા પ્રશ્નોના જેટલા અંશના ઉત્તર નથી આપી શકાયા તેટલું વિદ્યાર્થીનું અજ્ઞાનજ છે અને વિવેકાનન્દના કિસ્સામાં એમનું સમ્પૂર્ણ અધ્યયન છે. તેવી જ રીતે જે જીવનને કોઈ પણ રીતે અશ્રેષ્ઠ ઠેરવવા માંગતા અને તેને માટે ભગીરથ પ્રયત્ન કરનારાઓ પણ પોતાના અથાગ શ્રમે પણ જેને અશ્રેષ્ઠ યા ઉતરતી કક્ષાનું ઠેરવી ન શકે અને દરેક પ્રકારે શ્રેષ્ઠતાને જ પ્રકાશે એ જીવન પ્રકાર જ સર્વશ્રેષ્ઠ જીવન પ્રકાર છે.

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।**
**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**

**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।**

(ગીતા ૧૮-૬૫,૬૬)

અર્જુનને ઉપદેશનાં નિમિત્તથી માનવજીવનના ઉત્કૃષ્ટતમ પ્રકારને કે જે પ્રકાર દેવજીવન, ઋષિજીવન, ત્યાગીજીવન વગેરે સર્વ પ્રકારોથી પણ ઘણા ઉત્કૃષ્ટ પ્રકારનો છે તેને કંડારતાં કહે છે કે હે અર્જુન ! તું મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું યજન કરવાવાળો થા, મને નમસ્કાર કર. હું સર્વથા સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તું મને જ પ્રાપ્ત થશે કારણ કે તું મને પ્રિય છે. સર્વ ધર્મોનો ત્યાગ કરી તું એકમાત્ર મારે જ શરણે જા, હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક કર મા.

ક્રિયા બે પ્રકારે થાય છે, આન્તર અને બાહ્ય, અથવા ત્રણ પ્રકારે ગણીએ તો કાયિક, વાચિક, માનસિક એમ ત્રણ પ્રકારે થાય છે. ઉપરાન્ત આ પાંચે પ્રકારોમાં થનારી ક્રિયાના પણ બે પ્રકારો છે, એક જ્ઞાનપૂવકની ક્રિયા અને બીજી અજ્ઞાનપૂર્વકની ક્રિયા. આ પ્રકારે ક્રિયાઓના ભેદથી એક મનુષ્ય તેટલા પ્રકારે કર્મ કરે છે. સમ્પૂર્ણ માનવદેહ એ એક તંત્ર છે અને જીવડો એનો તંત્રી છે. આ જીવડાનું પણ તંત્રીપણું ખાંડણિયા રાજા જેવું છે, કારણ કે તે પણ અન્તર્યામીના અનુશાસનમાં પ્રવર્તે છે. અતઃઆ તંત્રનું પણ સાર્વભૌમ-ચક્રવર્તી રાજ્ય તો અન્તર્યામી-ઈશ્વરનું જ છે.  આ રીતે ઈશ્વરના સાર્વભૌમ રાજ્યમાં આ ખાંડણિયો રાજા-જીવડો તંત્ર સાથે સમ્બન્ધ કરીને જેટલા કાળ પૂરતો રહેલો હોય છે તેને જીવન કહેવામાં આવે છે. આ ખાંડણિયો રાજા ઈશ્વરીય સત્તા સામે તંત્રમાં ખુલ્લો બળવો પોકારે છે અને તે તંત્રને ઈશ્વરના હાથમાંથી ખૂંચવી લઈ, પોતાના પરથી ઈશ્વરનું અનુશાસન દૂર કરી સ્વયં તંત્રનો સમ્પૂર્ણ-સ્વતંત્ર સ્વામી બની જવાની ચેષ્ટા કરે છે અને પરિણામે તે નિરાશા, હતાશા, થાક, દુઃખ, ગ્લાનિ, વગેરેથી દબાઈ જઈ સમ્પૂર્ણપણે અવિદ્યાદેવીની ગુલામી કબૂલ કરી લે છે. આવી દશામાં પહેલા

જોઈ ગયા તે મુજબની બધી જ ક્રિયાઓ એના સુખ મેળવવાના માર્ગમાં દુઃખોના હિમાલય જેવડા મોટા અને વિશાલ પર્વતો ઊભા કરી દે છે. મનુષ્યનાં દુઃખોની આ જ એક લાંબી કથા સંક્ષેપમાં કહી છે.

ખરેખર આ વિશ્વમાં ઈશ્વર જ આનન્દ રૂપ-સાક્ષાત્ આનન્દ છે. આ વાત આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ પોતાની યુગોની સાધના વડે અનુભવી જાણ્યું કે જે સર્વોપરિ સર્વનો અનુશાસ્તા પરમાત્મા છે તે પૂર્ણાનન્દ-આનન્દમય છે અને તેના આનન્દ થકી જ આ જગતમાં પ્રાણિમાત્ર પ્રાણન કરે છે-જીવે છે. તૈત્તિરીય ઉપનિષદ્ કહે છે :- **‘को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् । एव ह्येव आनन्दयाति ।’ તથા ‘एवस्यैवानन्दस्य मात्रामुपजीवन्ति’** આ પ્રકારે પ્રાણિમાત્રનું જીવન અને જીવન માટેનું અનિવાર્ય, મહત્ત્વપૂર્ણ, અત્યાવશ્યક તત્ત્વ એ આનન્દજ છે અને આનન્દ એ ઈશ્વર છે. તેથી ઈશ્વર સામે ખુલ્લો બળવો યા ઈશ્વરથી સ્વતંત્ર થવાની ચેષ્ટા યા ઈશ્વરથી વિમુખ જીવન અને એનાં જ્ઞાન-ક્રિયા વગેરે થવાં એનો સીધો અર્થ એ જ થયો કે આનન્દ સામે બળવો પોકારવો. આનન્દથી સ્વતંત્ર થવાની ચેષ્ટા કરવી યા આનન્દથી વિમુખ જીવન અને તેવા જ્ઞાન-ક્રિયાઓ થવા.

ઈશ્વરે આપણને જીવન આપ્યું. જીવન જીવવાનો અધિકાર આપ્યો અને જીવન જીવવા માટે સાધનો આપ્યાં અને જીવનરૂપી સાધન વડે તથા જીવન જીવવાનાં સાધનો દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત વગેરે વડે પરમાત્માના પરમાનન્દનો અનુભવ કરવાનો અવસર આપ્યો. બાપે દીકરાની સુખાકારી માટે કૂવો ખોદાવી આપ્યો કે બેટા આમાંથી તું પાણી પી-વાપરી સુખી થજે. પણ મૂર્ખાઓની સોબતમાં અને તેમની સલાહો માની દીકરો એજ કૂવામાં પડી આપઘાત કરે તો તેમાં બાપનો શો વાંક ? તેવી જ રીતે કોઈ દાતા કોઈની કંગાલિયત પર દયા ખાઈ રૂપિયાની નોટોનો મોટો થોકડો આપે કે ધંધો ધાપો કરી કમાઈ ખાજે અને પેલો બુદ્ધિમાન જો એનાથી રાતની શીત મિટાવવા તાપણામાં ઉપયોગ કરી નાંખે તો તેમાં દાતાનો શો વાંક ? તેવી જ રીતે આનન્દનું અમૃત પીવા ઈશ્વરે જે સાધનો આપ્યાં તેનો ઉપયોગ અમૃત માટે ન કરી જો આપણે તેમાં વિષયવાસના અને અહંતા-મમતાનું ઝેર ભરી પીએ તો તેમાં ઈશ્વરનો શો વાંક ? જેમ કોઈ માણસ સાજો માજો હોય અને છતાંએ પેટ કૂટી-કૂટી ને પેટમાં દુખાવો થાય તેવું વર્તન કરે તેમ આપણે આપણું જીવન જ એ પ્રકારે જીવવાનો પ્રયત્ન કરીએ છીએ કે જેમાં નિતાન્ત દુઃખ, કલેશ, ગ્લાનિ વગેરેનો જ અનુભવ થાય; સુખની ઈચ્છા મનમાં સેવીને પણ આપણા જીવનનો અભિગમ સાચા સુખ-આનન્દ માટેનો નથી હોતો.

આપણા આ બગડી ગયેલા, વિકૃત થઈ ગયેલા જીવનના પ્રકારને આનન્દથી પરાઙ્મુખ વિરુદ્ધ દિશામાં વહી રહેલા જીવન પ્રવાહને પુનઃ દુઃખોથી પરાઙ્મુખ કરી દુઃખ વિરુદ્ધની આનન્દની દિશા તરફ વાળતાં ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના ૧૮મા અધ્યાયના ૬૫-૬૬ બે શ્લોકો દ્વારા જીવનની સાચી દિશાનો સંકેત કરે છે.

અર્જુનનાં દુઃખ-વિષાદમાં જે કારણો પડેલાં છે તે જ આપણાં દુઃખ-વિષાદનાં કારણો છે. જે કારણોને લઈ અર્જુન મહાભારતનું મેદાન છોડી દેવા તત્પર થયો તે જ કારણો આપણને જીવનમાં ભાગેડુ વૃત્તિ આપી રહ્યા છે, જે કારણોએ અર્જુનમાં હીન, દુર્બલ, અયશસ્કર, નપુંસક મનોવિકારો ઉપન્ન કર્યા તે જ કારણો આપણને તેથી પણ વધુ મનોવિકારી બનાવી અપાર નુકશાન પહોંચાડી રહ્યા છે. બધું હોઈને પણ અર્જુનમાં આપણાં કરતાં એક વધુ ગુણને તો સ્વીકારવો જ પડશે કે અર્જુન આવી વિકૃત મનોદશામાં પણ યુદ્ધ છોડીને રથમાંથી ભુસ્કો મારી ભાગી ન ગયો, પણ યુદ્ધ-શસ્ત્ર ત્યાગી પોતાના જ રથમાં બેઠેલા ભગવાન પાસે વીલું મોઢું કરી બેસી ગયો અને

પોતાનાં કર્તવ્યનો નિર્ણય એણે ભગવાન પર છોડી દીધો અને કહ્યું કેઃ- **‘कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसम्मूढचेताः । यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥’** જ્યારે આપણે તો આ જીવનસંગ્રામમાં જીવનના સારા-નરસા પ્રસંગો અને અનુભવોમાં એક વાર પણ આપણા અન્તરાત્મા ઈશ્વરની સલાહ તક નથી માંગતા કે મારું શું કર્તવ્ય ? આપણે તો જીવન પ્રસંગોમાં વિકૃત મનોવૃત્તિઓ વડે ઈશ્વરથી અને પોતાનાં જીવનથી દૂર-દૂર ભાગી જવાની ચેષ્ટા કરી રહ્યા છીએ. પણ એ નથી વિચારતા કે આમ આપણે કયાં સુધી ભાગતા રહીશું ? અને આ રીતે ભાગવાનો અંજામ શો ? ગીતાનો ઉપદેશ આપતાં હાથમાં ચાબૂક લઈ બિરાજતા ભગવાન જીવનમાં આ રીતે - અવિચારી રીતે ભાગી રહેલા આપણને રોકી ગીતાના માધ્યમથી જીવનસંગ્રામમાં સ્થિર કરી ૧૮ મા અધ્યાયના ૬૫-૬૬ બે શ્લોકો વડે જીવનની સાચી દિશા આપણને સુઝાવી રહ્યા છે.

ગીતાના ૧૮મા અધ્યાયના ૬૫-૬૬ દ્લોક વડે ભગવાને જે સર્વ શ્રેષ્ઠ જીવનનો પ્રકાર દર્શાવ્યો છે તે **ભગવત્ પ્રપત્તિયુક્ત ભક્તિભાવ ભરપૂર જીવનનો પ્રકાર છે**. અથવા તો દૃઢ **મનના સંકલ્પ વડે આનન્દથી આરંભેલું મન, બુદ્ધિ, પ્રાણ, ઈન્દ્રિય અને દેહ સહિતનું આત્માનું પરમાનન્દ પ્રતિનું મહાભિયાન** એ જીવનનો શ્રેષ્ઠતમ પ્રકાર છે. અધિકાર વૃત્તિનો આધાર એ અહંકાર-અભિમાન છે અને તેવા મિથ્યા અભિમાનથી હજાર બ્રહ્માના કલ્પમાંયે આનન્દ મેળવી શકાવાનો નથી, તેથી પરમ પ્રેમાર્ણવ-પ્રેમસ્વરૂપ પરમાનન્દ પરમાત્માનો આશ્રય કરી પોતાનાં મન, બુદ્ધિ, પ્રાણ, ઈન્દ્રિય, દેહ અને તેની સમગ્ર વૃત્તિઓ સહિત પોતાના આત્માનો પ્રેમસ્વરૂપ પરમાત્માના આશ્રય ભાવે-તેને આધીન ભાવે રહી જીવનમાં અધિકારવૃત્તિને ત્યાગી પ્રેમ-સમર્પણની વૃત્તિને આત્મસાત્ કરી લો. પરમાનન્દનો આશ્રય કરેલા અને પરમાનન્દનું સેવન-ભજન કરતા જનોમાં કયારેય અપ્રસન્નતા, ગ્લાનિ વગેરે ભાવો ઉત્પન્ન થતા જ નથી. ખેખર આપણે કૃષ્ણ સેવક થઈને પણ, પ્રતિદિન કૃષ્ણસેવા કરીને પણ સાચા અર્થમાં આપણે કૃષ્ણને સેવતા જ નથી. ઉત્કૃષ્ટ ઈશ્વરીય-ભગવદીય પ્રેમમય ભાવોથી પોતાની જાતને સુશોભિત કરી હૃદયના ઉત્કૃષ્ટ પ્રેમમય ભાવોના શ્રૃંગારથી પોતાનાં મનમાં રહેલા ભાવરૂપ ભગવાનને સજાવો, પ્રેમના વિવિધ ભાવોની વાનગીઓનો રાજભોગ ધરો અને પ્રેમના પ્રગાઢભાવમાં પ્રભુને શયન કરાવો, પોતાની સંવેદનશીલ ઈન્દ્રિયો વડે આનન્દને સાંભળો, આનન્દને જુઓ, આનન્દની સુગન્ધી લો, આનન્દને બોલો, આનન્દને આસ્વાદો, આનન્દને અનુભવો અને આ રીતે જેમ શરીરમાં શ્વસન ક્રિયા એ જીવનની સહજ-સ્વાભાવિકી ક્રિયા છે, એમાં તમને એવો ભાર નથી હોતો કે મેં શ્વાસ લીધો કે હું શ્વાસ લઉં, એ જીવનની સાથે અવિભાજ્યરૂપે એકાકાર બની ચાલતી જ રહે છે, તેવી જ રીતે આનન્દનું સેવન સહજ અને સ્વાભાવિક રીતે કરો. આ રીતે આનન્દનું સેવન-ભજન કરતાં આત્માસહિત દેહ વગેરેની વૃત્તિઓને આનન્દમાં એ હદ સુધી લીન કરી દો કે જેમાં એ પોતાના સ્વભાવને છોડી આનન્દના જ સ્વભાવવાળા બની જાય, જેમાં આપણા રાત-દિવસ, તડકો-છાંયડો, ઠંડી-ગરમી, મીઠું-તીખું, નરમ-કઠણ અને બધી જ ઋતુઓ એ બધું જ આનન્દમય-આનન્દપૂર્ણ બની જાય અને જીવનમાં આનન્દ સિવાયની બીજી કોઈ અનુભૂતિ શેષ ન રહે. આપણો ભક્તિનો-શરણાગતિનો પ્રકાર એવો હોવો જોઈએ.

આપણે ઈશ્વરનો આશ્રય પણ મનમાં રાખવાનો પ્રયત્ન કરી છીએ અને ભક્તિમાર્ગમાં ડગ માંડવાનો પણ પ્રયાસ કરીએ છીએ. પણ વારંવાર આપણે ઈશ્વર આશ્રય અને ભક્તિમાર્ગમાંથી પાછા ધકેલાઈ જઈએ છીએ. આથી એ વાત નક્કી છે કે આ બે બાબતમાં આપણામાં કંઈ ઊણપ છે. આપણી સાધનામાં કંઈ ખૂટે છે, આપણે આ માટે ક્યાંક કંઈક ભૂલી રહ્યા છીએ.

આપણે પહેલાં જ વિચારી ગયા છીએ કે આપણી ભક્તિ એ સાહજિકી સ્વાભાવિકી, ભારવિનાની હોવી જોઈએ અને વળી તે પ્રેમ ભરપૂર હોવી જોઈએ. પોતાનામાં કે આરાધ્યમાં જ્યારે લઘુતા-ગુરુતા ગ્રન્થિ રાખીને આરાધના કરવામાં આવે છે ત્યારે તેવી આરાધના માત્ર શ્રદ્ધા સુધી ડગ માંડીને અટકી જાય છે; તે પ્રેમના ક્ષેત્રમાં પ્રવેશી શકતી નથી. ઈશ્વરની મહાનતાનો અને પોતાની હીનતાનો ભાર રાખી, પરમાત્માથી પોતાની જાતનો અલગાવ અનુભવી, જ્યારે ભક્તિ કરવામાં આવે છે ત્યારે તે ભક્તિ માત્ર ક્રિયાત્મિકા બની રહે છે; પ્રેમલક્ષણા બની શકતી નથી. તેથી ઉપર્યુકત બન્ને ગ્રન્થિઓને છોડી ઈશ્વરને જ પોતાના આત્માના પણ આત્મા તરીકે જાણી-વિચારી ભક્તિ કરવામાં આવે ત્યારે જ તે ભક્તિને પ્રેમલક્ષણા અથવા તો આધિદૈવિકી ભક્તિ કહેવામાં આવે છે. ભક્તિમાં પ્રેમ ઉદય થતાં સુધી જ શ્રદ્ધા રહે છે, ત્યારબાદ તો ઈશ્વર માટે અન્તરમાં પ્રેમ જાગ્યા પછી તો તે શ્રદ્ધા પણ પ્રેમમાં વિલીન થઈ જાય છે. શ્રદ્ધામાં શાન્તિ છે અને પ્રેમમાં આવેગ છે. એ આવેગમાં જ સાધક પોતાના આત્માને પણ વિસ્મરી એક માત્ર પ્રભુનું જ પ્રેષ્ઠ, પ્રિય, પ્રિયતમ રૂપમાં સ્મરણ કરનારો અને તેનો જ માત્ર અનુભવ કરનારો બની રહે છે. જેમ બાપ પોતાના દીકરાને પોતાનાથી ઉત્પન્ન થયેલો માને છે માટે તેટલો જ તેનો તેમાં મોહસમ્બન્ધ સ્થપાય છે, પણ માતા પોતાનાં બાળકને પોતાના જ જીગરનો ટૂકડો, પોતાના જ આત્માનો એક ભાગ, પોતાના જ જીવાઈ ગયેલા જીવનનું ફલરૂપ જીવન માને છે, તેથી માતાનો બાળકમાં પ્રેમ આવેગ વાળો હોય છે. તેમ બાપની માફક આપણે ભગવાનમાંથી ઉત્પન્ન થયા છીએ માટે તેની ભક્તિ કરવી એમ વિચાર સેવી ભક્તિ કરશો તો માતાના આવેગવાળા પ્રેમના જેવી ભક્તિ કયારેય ઉત્પન્ન થશે નહીં. પણ ભગવાન જ મારા આત્મા છે તેવા ભાવને દૃઢ કરતાં જો ભક્તિ કરવામાં આવશે તો જ ક્રિયાત્મિકા ભક્તિ પ્રેમના સ્વરૂપમાં પરિવર્તિત થઈ શકશે. સારું છે કે કુદરતે નાનાં બાળકમાં માતાની મોટાઈ જાણવાનું સામર્થ્ય નથી આપ્યું; નહીંતર એ બાળક માતાનાં ઉત્કૃષ્ટ વાત્સલ્યને અનુભવી શકતે જ નહીં. ઈશ્વરની મોટાઈનો ખ્યાલ તો માત્ર મન પર બીજાઓના ભારને ઉતારવા પૂરતો જ ઉપયોગીછે; ભક્તિનું તે અંગ નથી. જેમ કોઈ કુંવારી કન્યા હજારો યુવાનોમાંથી જીવનમાં એકની પસન્દગી કરવા યુવાનના ગુણોથી પરિચિત થાય છે અને એમાં પોતાના જીવન માટે જે સહુથી વધુ સંગત હોય તેવા પાત્ર સાથે વિવાહનાં બન્ધનોમાં બન્ધાય છે. પરંતુ પરણ્યા પછી પણ એ પરિણીતાનાં મન પર પુરુષનો-એના ઉચ્ચતમ ગુણોનો ભાર રહેશે અને તે પતિ માટે પોતાના મનમાં ગુરુતાની ગાંઠ મારી પોતાની જાતમાં લઘુતા ગ્રન્થિથી પીડિત થશે તો વ્યવહારથી કે ધર્મબુદ્ધિથી તેની દરેક પ્રકારની સેવા કરીને પણ પતિ-પત્ની વચ્ચેનો સ્ત્રી-પુરુષ તરીકેનો જે રસાત્મક પ્રેમભાવ પનપવો જોઈ તે તો નહીં જ પનપી શકશે. ગરીબ ઘરની છોકરી અતિશય ધનાઢચના દીકરા સાથે પરણી જો આ બે ગ્રન્થિઓથી પીડાય તો, અથવા ધનાઢચનો દીકરો પોતાનામાં ગુરુતા-પત્નીમાં લઘુતા વિચારનારો થાય તો બે આત્માઓનું પ્રેમાત્મક ઐકય કયારેય સધાઈ શકવાનું નથી. આપણે આપણી સાધનામાં-ભક્તિમાં ઈશ્વર અને આપણા વચ્ચે એટલું વધુ અન્તર રાખી આરાધના કરીએ છીએ કે જેમાં આપણા હૃદયના ભાવો આરાધ્યનાં માધુર્ય સાથે ઐકચ કેળવી શકતા નથી.

આ બધી વાતોને ચિત્તમાં રાખી ભગવાન અર્જુનને આદેશે છે અર્જુન! તું મારો છે, મને પ્રિય છે, તું મને ઘણો ગમે છે, તેથી હું તને મારામાં જ સમાવી રાખવા ઈચ્છું છું. તું પણ મારા મનવાળો એટલે કે હું જ જેનું મન છું તેવો તું થા, તું મારો-મને અતિશય પ્રેમ કરવાળો ભક્ત થા, તું મારા માટેના અતિશય પ્રેમને વશ થઈ તારા દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અન્તઃકરણ,આત્મા સર્વથી મારી આરાધના કરનારો થા, તું મને નમસ્કાર કર એટલે કે **(नमनं प्रह्विभावः)** મારા પ્રેમની પરાકાષ્ઠામાં તું મારી આગળ અત્યન્ત ઝૂકી જા, મારા અને તારા વચમાં ગુણ-દોષ, નાનપ-મોટપ, પાપ-પુણ્ય આ બધું છોડી

તારું, મારા પ્રત્યે આ કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે, તેં આટલું કર્યું અને આટલું ન કર્યું, આ ધર્મ છે અને આ અધર્મ છે,એ બધું જ છોડી, તેં અત્યાર સુધી જે મેળવ્યું અને ગુમાવ્યું તેનો હિસાબ છોડી એકમાત્ર અતિશય પ્રિય રૂપે-સ્વાત્મરૂપે મને હૃદયમાં ભાવરૂપે ધારણ કર, આ જ તારી પ્રપત્તિ વડે જ તારામાં જો કદાચ કોઈ અયોગ્યતા રહેલી પણ હશે તો તે આપોઆપ દૂર થઈ જશે. જે મારા ભાવને હૃદયમાં ધારણ કરી શ્વાસ લે છે પછી તે પાપ-પુણ્ય કંઈ કરતો નથી, તે ધર્મ-અધર્મ કંઈ કરતો નથી, તેને માટે પછી કર્તવ્ય-અકર્તવ્ય કંઈ શિષ્ટ રહેતું નથી, પછી તો તે જે કરે છે તેમાં નીતરતો પ્રેમ હોય છે, પ્રસન્નતા જ છે, આનન્દ જ હોય છે.

જીવનનો આ પ્રકાર જેમાં મનુષ્યનાં ચિત્તની એ દશા સિદ્ધ થઈ ગઈ હોય કે વ્યવહારમાં લોકમાં જે દુઃખના વિષયો કે પ્રસંગો છે તેમાં પણ તે પ્રસન્નતાથી વિચલિત ન થાય, તેમાં પણ તે આનન્દનો જ અનુભવ કરનારો હોય, ચિન્તા, ઉદ્વેગ, ભય, ગ્લાનિ, અમર્ષ, દુઃખ વગેરે પણ કંઈક છે તેનાથી સાવ અજાણ્યો-અનુભવ વિનાનો અને માત્ર આનન્દ-પ્રસન્નતા-પ્રેમ એ જ માત્ર એનો અનુભવ રહી ગયો હોય તે જ પ્રકાર સર્વ શ્રેષ્ઠ છે એમાં કોઈ સંશય નથી, શ્રી વલ્લભાચાર્યજી નવરત્ન નામના ગ્રન્થમાં આ જ ગીતાની બાબતને કેટલા સુન્દર શબ્દોમાં અને સુંદર પ્રકારે વૈષ્ણવો માટે રજૂ કરે છે :-

**चित्तोद्वेगं विधायापि हरिर्यद् यद् करिष्यति ।**
**तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत्**

(શ્રી વલ્લભાચાર્યજી, નવરત્ન-૮)

વૈષ્ણવો ! તમે જ્યારે પરમાનન્દ કૃષ્ણની સેવા-ભક્તિમાં આગળ વધી રહ્યા હો કે વધવાની ઈચ્છા ધરાવતા હો ત્યારે તમારી આરાધના ક્રિયાત્મક રૂપમાં અધૂરી ન રહી જાય અને કૃષ્ણપ્રેમના ઉત્કૃષ્ટ બિન્દુનો સ્પર્શ કરનારી બને તે માટે જો તમારામાં રહેલા લૌકિક-પ્રાકૃત ભાવોને કારણે અન્દર રહેલા દોષોને કારણે તમારા સાધના કાળમાં (સાધન દશામાં) તમારા ચિત્તમાં જો ચિન્તા, ઉદ્વેગ વગેરે તમને દબાવી દેવાનો પ્રયત્ન કરે તો તેવા સમયે પણ તે ચિન્તા ઉદ્વેગના વિષયોમાં તમારા પ્રિય શ્રીકૃષ્ણની પ્રેમી દ્વારા શયનખંડમાં પ્રેમિકાની છેડછાડ ની માફક રસમયી લીલાનો વિચાર કરી- અનુભવી ચિન્તા-ઉદ્વેગથી તત્કાળ મુક્ત થવાનો પ્રયત્ન કરો. જીવનના દુઃખદ પ્રસંગોને પણ શ્રી હરિની એવી કૃતિ રૂપે જુઓ કે પ્રેમી જેમ રસભાવપૂર્ણ રહી પ્રેમિકાને ડિંગો બતાવી કહે જા તને નહીં આપું, શ્રીવલ્લભાચાર્યજીનો આ ઉપદેશ જ જેના જીવનમાં ચરિતાર્થ થયેલો હોય તેવું જીવન એ જ જીવનનો સર્વ શ્રેષ્ઠ પ્રકાર છે.

* * *